મંત્રૌષધિ સુવર્ણ પ્રાશનની સુવર્ણ જંયતિના અવસરે

મંત્રૌષધિ અને પદ્ધતિની ત્રિપદી

બાલ સ્વાસ્થ્ય, શિક્ષા અને સેવાની અર્ધી સદી

# મંત્રૌષધિ સુવર્ણપ્રાશન

આયુર્વેદનું અમૃતતૂલ્ય અદ્‌ભુત ઔષધ

मंत्रौषधि का भरोसा

पचास वर्षो से परोसा


## વૈદ્ય જિજ્ઞાસા આચાર્ય

સંચાલિકા-સંસ્કૃતિ આર્ય ગુરુકુલમ્

Mantraushadhi SuvarnPrashan
A Collection Articles
by Jignasa Acharya

Published by:
Sanskruti Arya Gurukulum
2020

પ્રથમ આવૃત્તિઃ ફેબ્રુઆરી ૨૦૨૦

© સંસ્કૃતિ આર્ય ગુરુકુલમ્

પ્રકાશકઃ સંસ્કૃતિ આર્ય ગુરુકુલમ્
HDFC બેન્ક પાસે, M TV સામે,
હરિપર (પાળ) ગામ, કાલાવાડ રોડ, રાજકોટ-૩૬૦૦૦૧.
મોબાઈલઃ ૬૩૫૨૪ ૮૩૦૧૨ / ૮૮૪૯૫ ૭૫૨૭૬ / ૯૨૬૫૬ ૧૪૫૫૨
Email: mehulsanskruti@gmail.com
YouTube: Acharya Mehulbhai
Website: http://sanskrutigurukulam.com
Facebook: sanskrutiaryagurukulam

મુદ્રકઃ ઉમંગ પબ્લિકેશન
મણિ ભુવન, ગ્રાઉન્ડ ફ્લોર,
૨૫૯, જે.એસ.એસ. રોડ, ગિરગાંવ, મુંબઈ-૪.
ફોનઃ ૯૮૨૦૭ ૫૨૦૫૨.
Email: umangpublications@gmail.com

કિંમતઃ રૂા. ૪૦/-

# અર્પણ

લાખો બાળકોને સુવર્ણ પ્રાશન જેવી
અમૃતતુલ્ય ઔષધીનું નિઃશુલ્ક પાન કરાવી
સ્વાસ્થ્યનું વરદાન આપનાર
અભિનવ ધનવંતરી
વૈદ્યવર આચાર્ય શ્રી વિશ્વનાથજીના ચરણોમાં
સાદર અર્પણ

# અનુક્રમણિકા


સંસ્કૃતિ આર્ય ગુરુકુલમ્ પરિચય

નિવેદનમ્

પુસ્તકના લેખિકાનો પરિચય

બાળકોની સંભાળનું પ્રાચીન શાસ્ત્રઃ કૌમારભૃત્યમ્ ............ ૧

સુવર્ણ પ્રાશન સંસ્કારનું સામાજીકરણ ...................... ૧૩

સુવર્ણ પ્રાશન વિષયક પ્રશ્નોત્તરી ............................ ૨૩


## સંસ્કૃતિ સંવર્ધન સંસ્થાનમ્ દ્વારા સંચાલિત

## સંસ્કૃતિ આર્ય ગુરુકુલમ્ પરિચયઃ

'સંસ્કૃતિ આર્ય ગુરુકુલમ્'ની સ્થાપના ઈ.સ. ૧૯૭૦માં પ.પૂ. ગુરુજી દ્વારા ભારતીય વિદ્યાનગરી વારાણસી (કાશી-બનારસ)માં કરવામાં આવી.

**સ્થાપનાનો ઉદ્દેશ્યઃ**

'વિદ્યા' એ જ મનુષ્યની વિશેષતા છે, એટલા માટે જ રાજર્ષિ ભર્તુહરિએ નીતિશતકમાં કહ્યું છે કેઃ 'વિદ્યાવિહીનઃ પશુઃ।' વિદ્યા વગરનો મનુષ્ય પશુતૂલ્ય છે. અંગ્રેજોના ષડયંત્રો અને ભારતીય લોકોના વિદેશી શિક્ષણ પ્રત્યેના આંધળા આકર્ષણને કારણે ધીમે ધીમે નાશ પામતી રહેલી ભારતીય શિક્ષા પદ્ધતિને પુનઃજીવિત કરવાને માટે પશુતૂલ્ય જીવન જીવતા મનુષ્યોને સાચા વિદ્યાર્થી બનાવીને આત્મકલ્યાણ અને લોકકલ્યાણના પંથે વાળવાને માટે આ સંસ્થાનની સ્થાપના થઈ.

ભારતીય સંસ્કૃતિના આધારભૂત ગ્રંથો, જેવા કે, વેદ, ઉપનિષદ, ગીતા, દર્શનશાસ્ત્રાદિ, આ સર્વ વિષયોનું શાસ્ત્રીય પદ્ધતિથી અધ્યયન/અધ્યાપન થાય અને સાથે સાથે આયુર્વેદ, જ્યોતિષ, નૃત્ય, સંગીત, નાટ્ય જેવી વિષયક જીવનોપયોગી વિદ્યાઓનું પણ પઠન પાઠન થાય તેવા પવિત્ર હેતુથી 'સંસ્કૃતિ આર્ય ગુરુકુલમ્'ની સ્થાપના થઈ.

હાલમાં રાજકોટ પાસે રમણીય, પ્રાકૃતિક, નૈસર્ગિક વાતાવરણમાં ભારતીય ગુરુકુલમ્‌ની સંકલ્પના પ્રમાણેનું 'આચાર્ય' કેન્દ્રિત, શાસ્ત્ર આધારિત ગુરુકુલ ચાલે છે. જેમાં ૮ થી ૧૦ વર્ષના બાળકો તથા બાલિકાઓને પ્રવેશ આપવામાં આવે છે. પ્રવેશ બાદ ૮ વર્ષનો ઋષિમાન્ય, તત્ત્વજ્ઞાનના અભ્યાસ સહિતનો વિદ્યા તથા કલાનો અભ્યાસક્રમ/પાઠ્યક્રમ છે. બાળકોના પંચકોશનો ક્રમિક વિકાસ થાય તે સ્મૃતિ સિદ્ધાંતને લક્ષમાં રાખીને વિવિધ વિષયોનું અનૌપચારિક/ઔપચારિક શિક્ષણ વિદ્વત આચાર્યો દ્વારા આપવામાં આવે છે.

**પ્રવેશ યોગ્યતાઃ**

કોઈપણ જ્ઞાતિ, જાતિ, પંથ, સંપ્રદાયના ભેદભાવ વગર ભારતીય સંસ્કૃતિના આધ્યાત્મિક-નૈતિક-શૈક્ષણિક મૂલ્યો આસ્થા શ્રદ્ધા ધરાવનારા માતા-પિતાના જિજ્ઞાસુ બાળકોને પ્રવેશ આપવામાં આવે છે.

**વૈદિક બાળ શાળાઃ**

‘ગુરુકુલ’માં પ્રવેશ માટે બાળકોને યોગ્ય રીતે સંસ્કારિત કરવા માટે ગૃહશિક્ષા અનિવાર્ય છે. વૈદિક પરંપરા-પદ્ધતિ અનુસારની ગૃહશિક્ષા આજે અનેક કારણોને લઈને દુર્લભ થતી જાય છે. ઉત્તમ પ્રકારની શિક્ષા પ્રાપ્ત થાય તેમ જ બાળકોને સંસ્કારી વાતાવરણમાં નાનપણથી જ સહજતાથી પ્રાપ્ત થાય તેમ જ તેને માતૃભાષા, સંસ્કૃત ભાષા તેમજ પ્રારંભિક/વ્યવહારિક ગણિત આદિ વિષયોનું રમતા રમતા શિક્ષણ પ્રાપ્ત થાય તે હેતુથી અનેક નગરોમાં, મહાનગરોમાં, ગામોમાં ‘વૈદિક બાળ શાળા’ હોવી જોઈએ. આ કલ્પનાને સાકારિત કરવા માટે ‘સંસ્કૃતિ આર્ય ગુરુકુલમ્’ દ્વારા Modern Play Homeનો સંસ્કારી વિકલ્પ (alternative) આપવામાં આવ્યો છે. સમાજના વિકાસ અને કલ્યાણ માટે જાગૃત એવા કોઈ પણ બંધુ-ભગિની સંસ્થાના આ પ્રકલ્પ (concept)માં જોડાઈને પોતાના ગામ-શહેરમાં ‘વૈદિક બાળ શાળા’નો આરંભ કરી શકે છે.

**નિઃશુલ્ક ગર્ભવિજ્ઞાન માર્ગદર્શન કેન્દ્રઃ**

ગર્ભવિજ્ઞાન એ ભારતનું પ્રાચિન વિજ્ઞાન છે. સંસ્કૃતના ઘણા ગ્રંથોમાં ગર્ભવિજ્ઞાન વિશે પુષ્કળ માર્ગદર્શન અપાયું છે. ‘સંસ્કૃતિ આર્ય ગુરુકુલમ્’ દ્વારા સંસ્કૃતના પ્રાચિન ગ્રંથોનું સંશોધન અને નૂતન ગ્રંથોનું સંપાદન કરી, મંત્ર ઔષધિ, યોગ, સંગીત જેવા અનેક શાસ્ત્રોનો ઉપયોગ કરી, ગર્ભવિજ્ઞાન પર પૂર્ણ માર્ગદર્શન તથા ચિકિત્સા નિઃશુલ્ક રીતે ભારતમાં અનેક જગ્યાએ ઉપલબ્ધ કરાવવામાં આવે છે, જેનાથી બાળક સર્વાંગીણ રીતે સ્વસ્થ થઈ મન, બુદ્ધિ અને ચેતનાના સ્તરે વિકસિત થઈ શકે અને આવા દિવ્ય આત્માઓનું અવતરણ ભારતભૂમિમાં થઈ ભારતને પુનઃ વિશ્વગુરુ બનાવાની દિશામાં અગ્રેસર કરી શકે.

## નિવેદનમ્

‘સુવર્ણ પ્રાશન’ બાળકો માટેની અદ્‌ભુત ઔષધિ છે. ‘સુવર્ણ પ્રાશન’નો ઉપયોગ સંસ્કારના અંગના રૂપમાં તથા ઔષધના રૂપમાં હજારો વરસોથી થતો આવ્યો છે. બાળકોને અનેક રોગોથી બચાવવા માટે તથા તેઓના શારીરિક-માનસિક અને બૌદ્ધિક સ્વાસ્થ્ય અને સામર્થ્ય વધારવાને માટે તેનો ઉપયોગ કરવામાં આવે છે.

આ અદ્‌ભુત ઔષધનું વર્ણન આયુર્વેદના પ્રાચીનતમ તથા અગ્રગણ્ય ગ્રંથ કશ્યપ સંહિતામાં કરવામાં આવ્યું છે. તેમાં જે ‘સુવર્ણ પ્રાશન’ના નિયમિત સેવનથી થવાવાળા લાભોનું પણ સંપૂર્ણ વિવરણ આપવામાં આવ્યું છે.

‘કાશ્યપ સંહિતા’થી માંડીને મધ્યયુગ સુધી આ ઔષધિનો ઉપયોગ અવરિતરૂપે સમાજમાં થઈ રહ્યો હતો. આ જ કારણે બાળકોના સ્વાસ્થ્યનું પ્રમાણ ખૂબ જ સારું હતું. ભાગ્યે જે કોઈ બાળક ગંભીર પ્રકારની બીમારીઓથી પીડિત જોવા મળતું હતું. મધ્યકાળ બાદ આ સંસ્કાર પ્રાયઃ લુપ્ત જેવો થઈ જતાં બાળકોનું સ્વાસ્થ્ય પરિવારથી માંડીને રાષ્ટ્ર સુધી ચિંતાનો વિષય બનતું ગયું.

અમારા ગુરુવર્યશ્રી ‘વિશ્વનાથ શાસ્ત્રી દાતારજી’ એ ફરીથી આ મૂળભૂત સંસ્કારને સમાજમાં ક્રિયાન્વિત કર્યો. ‘સુવર્ણ પ્રાશન’ના અનેક નિઃશુલ્ક કેન્દ્રો સમગ્ર ભારતમાં ખૂલતા ગયા. વાલકેશ્વર મુંબઈ જેવા સમૃદ્ધ વિસ્તારોથી લઈને ગડચિરૌલી (મહારાષ્ટ્ર)ના વન્ય વિસ્તારો સુધી ‘સુવર્ણ પ્રાશન’નો પ્રસાર થયો.

**‘સંસ્કૃતિ આર્ય ગુરુકુલમ્’ દ્વારા સંચાલિત આ અનોખી બાલસ્વાસ્થ્યપ્રદ સેવાને ૫૦ વર્ષ પૂરા થવા જઈ રહ્યા છે.**

લાખો બાળકોએ આ અમૃતતુલ્ય ‘**મંત્રૌષધિ સુવર્ણ પ્રાશન**’ ના સેવનથી

લાભ લઈને સ્વસ્થ તથા મેધાવી બનવાની યાત્રાનો આરંભ કર્યો છે. વધુમાં, સમાજના વિબુધ, પ્રબુદ્ધ તથા અબુધ નાગરિક પણ સમાજસેવાના આ વિશિષ્ટ પ્રકલ્પથી જોડાયેલા છે. સમાજના પ્રત્યેક વર્ગ તરફથી આ પ્રકલ્પને ખૂબ જ સકારાત્મક પ્રતિસાદ પ્રાપ્ત થયો છે. વધુમાં 'સુવર્ણ પ્રાશન'ના વિષયમાં વધુ માહિતી પ્રાપ્ત કરવાની લોકોને અને ખાસ કરીને 'સુવર્ણ પ્રાશન' કેન્દ્રના સંચાલકો તથા લાભોથી બાળકોના વાલીઓને જિજ્ઞાસા થઈ અને આ વિષય ઉપર કોઈ નાની-સી માહિતી પુસ્તિકા પ્રકાશિત કરવાનો પ્રેમસભર આગ્રહ સૌના તરફથી થયો.

**'મંત્રૌષધિ સુવર્ણ પ્રાશન'** જેવી સંજીવની ઔષધિ આજે પણ સંસ્કારરૂપમાં તથા ઔષધના રૂપમાં જીવંત છે, તેનો અનુભવ થતા જ આનંદની સાથે આશ્ચર્યનો અનુભવ સૌને સમાનરૂપે થયો. આ અનુભૂતિને શબ્દસ્વરૂપ આપવાનો પ્રયાસ આ પુસ્તકમા થયો છે.

**'મંત્રૌષધિ સુવર્ણ પ્રાશન'** વિષયક વિસ્તૃત માહિતી અને 'સુવર્ણ પ્રાશન'ની મહત્તા પ્રગટ કરનારી આ પુસ્તિકા બધા આયુર્વેદ જિજ્ઞાસુઓને માટે ઉપકારક સિદ્ધ થશે. તથા સામાન્ય વ્યક્તિ પણ આ પુસ્તિકાના દ્વારા 'સુવર્ણ પ્રાશન'નો વિધિવત્ ઉપયોગ કરવાનું જ્ઞાન મેળવશે. એટલા માટે અમારી એ નમ્ર પ્રાર્થના છે કે 'સુવર્ણ પ્રાશન'ની આ સૂત્રાત્મક પુસ્તિકા આપ લોકો સાદ્યન્ત (સંપૂર્ણ) અવશ્ય વાંચશો.

આ પુસ્તિકાના લેખન કાર્યને માટે સાનુકૂળ વાતાવરણ તથા સગવડ આપવાને માટે હું સમસ્ત 'ગુરુકુલમ્' પરિવારના બધાના પ્રત્યે કૃતજ્ઞ બુદ્ધિથી આભાર વ્યક્ત કરું છું.

અંતમાં, પુસ્તકના ટાઈપીંગ, પ્રુફ રીડીંગ તથા મુદ્રણ કાર્ય સદૈવ ઉત્સાહથી તથા સેવાભાવનાથી સદૈવ કરવાવાળા ઉમંગ પબ્લિકેશન (મુંબઈ)ના ચંદ્ર ખત્રીનો વિશેષરૂપે ધન્યવાદ પ્રગટ કરીએ છીએ.

શુભમ્. અસ્તુ.

**- વૈદ્ય જિજ્ઞાસા આચાર્ય, સંચાલિકા-સંસ્કૃતિ આર્ય ગુરુકુલમ્**

## 'મંત્રૌષધિ સુવર્ણપ્રાશન' પુસ્તકના લેખિકાનો પરિચય

પ્રસ્તુત પુસ્તકના લેખિકા શ્રીમતી જિજ્ઞાસાબેન આચાર્ય બહિર્મુખી તથા બહુમખી વ્યક્તિત્વની સાથે સાથે અંતર્મુખી થઈને અભ્યાસ કરવાનો તથા લેખન-વાંચન તથા સાહિત્ય સર્જન કરવાનો સ્વભાવ ધરાવે છે.

બાળપણમાં શરૂ થયેલી પુસ્તક વાંચન અને સાહિત્ય પ્રેમની ધૂન એક યાત્રાના સ્વરૂપ આજ સુધી અવિરત ચાલુ જ છે.

સદ્જ્ઞાન પ્રાપ્તિની અખંડ જિજ્ઞાસા, સદ્વિદ્યા માટેની અવિરત પિપાસા, હૃદયની માતૃવત્ વિશાળતા અને સ્વભાવની સરળતા આ બધાં જિજ્ઞાસાબેનના વિશિષ્ટ ગુણો છે.

'સંસ્કૃતિ આર્ય ગુરુકુલમ્' પરિસરમાં વિદ્યાર્થીઓના 'ગુરુમાતા'ના પ્રેમાળ ઉદ્બોધનથી સૌના મનમાં પ્રેમભર્યું સ્થાન પ્રાપ્ત કરનારા જિજ્ઞાસાબેન પોતાની વ્યસ્ત દિનચર્યામાંથી લેખન-વાંચનનો અવકાશ પ્રાપ્ત કરીને પોતાના સ્વાત્માનંદને માટે તથા જનસમાજને ઉપયોગી થાય તે માટે પ્રસ્તુત પુસ્તકનું લેખનકાર્ય ખૂબ જ અલ્પ સમયમાં કરેલ છે.

હર હંમેશ શ્વાસની જેમ વિચાર-સાહિત્ય-કાવ્ય તેઓના અંતરમનમાં સતત રમતા હોય છે. તેમના વિશાળ ચિંતનના સાગરમાંથી ભરાયેલી આ પુસ્તકરૂપી ગાગરમાંથી વાચકોને આયુર્વેદની એક અદ્ભુત ઔષધિ 'સુવર્ણ પ્રાશન' વિશેની જાણકારી મળી રહેશે. તેઓની વક્તૃત્વ શૈલી, કથાકથન કલા તથા પ્રેમપૂર્ણ અનુશાસન પ્રશંસનીય છે. અનુમોદનીય છે.

**- ડો. મેહુલભાઈ આચાર્ય**

*(દર્શનાચાર્ય, આયુર્વેદ વિશારદ, Ph.D)*

## 'સુવર્ણ પ્રાશન' વૈદિક સંસ્કાર

ષોડશ વૈદિક સંસ્કાર, આપે માનવ જીવનને આકાર
ઉપનિષદ દિવ્ય વિચાર, સંસ્કાર જીવન તણો શણગાર!

ગર્ભાધાન, પુંસવન, સીમંતોન્નયન, જન્મ પહેલાના સંસ્કાર
જાતકર્મ, જન્મતા સંગે, નામકરણ દિવસ દસ કે બાર!

નિષ્ક્રમણ ચતુર્થ માસે, છઠ્ઠે માસ અન્નપ્રાશન સંસ્કાર,
ચૂડાકર્મ પ્રથમથી તૃતિય વર્ષે, કર્ણવેધ અનુકૂળતા અનુસાર!

વિદ્યારંભ શૈક્ષણિક સંસ્કાર, પંચમ વર્ષે તે કરવો સાર,
ઉપનયન, યજ્ઞોપવિત સંસ્કાર, તેજસ્વી જીવનનો આધાર,

વેદારંભમાં વૈદિક શિક્ષણ સંગ અપાયે ઉપનિષદ-વિચાર,
શિષ્ય બને શીલવાન, જોઈ ગુરુના પવિત્ર આચાર!

કેશાંત-ગોદાન સંસ્કાર, સોળમા વરસે કરવાનો સાર,
સમાવર્તનથી સ્નાતક, વિદ્યા વ્રતધારી યુવા તૈયાર!

વિવાહ સંસ્કાર પર છે, ગૃહસ્થાશ્રમ તણો આધાર,
વાનપ્રસ્થ આશ્રમમાં આત્મિક જીવન લે આકાર!

ઐહિક જીવન ત્યાગ, બાળવાના વાસના કે વિકાર,
કામ્ય કર્મોના ન્યાસ એ જ 'સંન્યસ્તાશ્રમ' સાકાર!

વસ્ત્ર સમ દેહનું વિસર્જન એ અંત્યેષ્ટિ સંસ્કાર,
પારલૌકિક જીવનના સુખ-કલ્યાણને કાજે સાર!

'મંત્રોષધિ સુવર્ણ પ્રાશન' પણ દિવ્ય વૈદિક સંસ્કાર
ઋષિઓનો છે ઉપહાર, વૈદિક સંસ્કૃતિનો ઉપકાર!

### પ્રકરણ-૧

## બાળકોની સંભાળનું પ્રાચીન શાસ્ત્રઃ કૌમારભૃત્યમ્

મનુષ્ય આટલો દુર્બળ હોવા છતાં તેનામાં અનંત સંભાવનાઓ હોવાથી, તે જીવનમાં વિકાસના ઉન્નતિના ઉચ્ચતમ શિખરો સર કરી શકતો હોવાથી તેની અધ્યાત્મ જગતમાં તેમ જ ભૌતિક જગતમાં પણ મહત્તા છે.

એક મનુષ્ય અન્ય વિરાટ પ્રાણીઓના શારીરિક સામર્થ્યની તુલનાએ અતિ નિર્બળ હોવા છતાં પોતાનાં બુદ્ધિસામર્થ્ય વડે પોતાનાથી બળવાન એવા અનેક પશુઓનું નિયંત્રણ કરી શકે છે, અનેક અનુભવો પરથી તે પેઢી દર પેઢી ઉત્તમતાને પ્રાપ્ત કરે છે. બીજાના અનુભવોમાંથી પણ તે શીખી શકે છે.

એકમાત્ર મનુષ્યજીવનમાં જ પાંચેય કોશ (અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય, આનંદમય) પ્રાપ્ત થાય છે. અર્થાત્ પરિપૂર્ણતા તરફ જવાના વિશેષરૂપે વિજ્ઞાનમય કોશ અર્થાત્ સર્જનશક્તિનો વિકાસ અને આનંદમય કોશ અર્થાત્ આત્માનંદ પ્રાપ્ત કરવાની ક્ષમતા- આ ઉભય કોશના લીધે છે. મનુષ્ય ૮૪ લાખ યોનિઓનાં અરબો જીવોની તુલનામાં સર્વશ્રેષ્ઠ આ બન્ને કોશને લીધે જ થયો છે.

મનુષ્યનો સર્વાંગી વિકાસ (Intergrated Personality) એટલે પંચકોશનો વિકાસ. આ પાંચેય કોશોમાં સર્વપ્રથમ કોશ એટલે અન્નમય કોશ. અન્નમય કોશનો વિકાસ એટલે સ્થૂલ-સૂક્ષ્મ શરીરનો વિકાસ. જન્મથી લઈને ૫ વર્ષ સુધી એટલે કે ૦ થી ૫ વર્ષ સુધીનો મનુષ્યનો જીવનકાળ, અન્નમય કોશના વિકાસનો કાળ માનવામાં આવે છે. પ્રાયઃ આ સમય દરમિયાન મનુષ્યના સ્થૂલ-સૂક્ષ્મ શરીરનો વધુમાં વધુ વિકાસ થવાનો સંભવ છે.

બાળકોના સ્થૂલ-સૂક્ષ્મ શરીરનો જેટલો વિકાસ ૧થી ૧૦ વર્ષના ગાળામાં થાય છે, તેટલો વિકાસ બીજા કોઈ પણ તબક્કામાં થતો નથી, તેથી આ સમયે બાળકના વિકાસ પ્રત્યે જાગરૂકતા ખૂબ જ જરૂરી છે. અને જો આ સમયે બાળકના સ્વાસ્થ્ય પ્રત્યે જો ઉપેક્ષા સેવવામાં આવે તો તે બીમાર, અશાંત, અસ્વસ્થ અને આળસુ બને છે. આળસ અને બીમારીને કારણે તે નિર્બુદ્ધ તથા

અપ્રાજ્ઞ બને છે. મનુષ્ય જીવન પ્રાપ્ત થયા પછી પણ જો પંચકોશ વિકાસનું ધ્યાન રાખવામાં ન આવે તો તે મનુષ્ય જીવનનું સૌથી મોટું કલંક છે. મનુષ્ય જન્મ મળવો એ મહદ્‌ભાગ્ય અને પરમ પુરુષાર્થનું પરિણામ હોવાથી 'પંચકોશ વિકાસ' થાય તે માટેના પ્રયત્નો બાલ્યાવસ્થાથી જ કરવા આવશ્યક છે. આયુર્વેદમાં બાલચિકિત્સાને માટે એક અલગ તંત્ર છે. એટલે કે સ્વતંત્ર વિભાગ છે, જેનું નામ છે 'કૌમારભૃત્યમ્'.

આયુર્વેદના આઠ અંગો છે. ચિકિત્સાની સરળતાને માટે સમગ્ર આયુર્વેદને આઠ અંગોમાં વિભાજિત કરવામાં આવ્યો છે. જે આઠ અંગો આ મુજબ છે.

(૧) કાયચિકિત્સા (૨) શલ્યતંત્ર

(૩) શાલકય તંત્ર (૪) અગદ તંત્ર

(૫) કૌમારભૃત્ય (૬) ભૂતવિદ્યા

(૭) વાજીકરણ (૮) રસાયન

આ આઠેય અંગોમાં 'કૌમારભૃત્ય' સૌથી મહત્ત્વનું અંગ છે.

'કૌમારભૃત્ય' તંત્રના કર્તા મહર્ષિ કશ્યપ છે. તે ઋષિના દ્વારા રચાયેલ ગ્રંથ 'કાશ્યપ સંહિતા' છે, જે આયુર્વેદનો સૌથી જૂનો ઉપલબ્ધ ગ્રંથ ગણાય છે. તે 'वृद्ध जीवकीय तंत्र' ના નામે પણ પ્રસિદ્ધ છે. દુર્ભાગ્યે આજે આ ગ્રંથ પૂર્ણ ઉપલબ્ધ નથી. પરંતુ તે ખંડશઃ જ પ્રાપ્ય છે. તેનો અમુક ભાગ નાલંદા વિદ્યાપીઠના વિનાશ વખતે નષ્ટ થઈ ગયેલો હોવાથી તે પૂર્ણ પ્રાપ્ત નથી.

તેમાં સ્વયં મહર્ષિ કાશ્યપ આ તંત્રની મહત્તા સમજાવતાં લખે છે કે,

**कौमारभृत्यमष्टानां, तन्त्राणामधिमुच्यते ।**

**आयुर्वेदस्य महतो, देवानामिह हष्ययः ।।**

મહાન આયુર્વેદના આઠેય તંત્રોમાં 'कौमारभृत्य' એ આદ્યમ્ અર્થાત્ મુખ્યતંત્ર કહેવાય છે, જેમ બધાં જ દેવોમાં 'અગ્નિ' મુખ્ય છે. તેમ આયુર્વેદમાં બધાં જ અંગોમાં 'કૌમારભૃત્યમ્' અંગ સર્વથી વધુ મહત્ત્વનું છે.

આ અંગે ઘણાં બધા દૃષ્ટિકોણથી વિચારતાં, તેની મુખ્યતા અને મહત્તા સિદ્ધ થાય છે. શિષ્ય દ્વારા પૂછાતા 'किम् अस्य आद्यत्वम्?' તેનો ખુલાસો આપતા મહર્ષિ જણાવે છે.

'आद्य' શબ્દના બે અર્થો છે, પ્રથમ અને ઉત્તમ. તેનો વિસ્તાર કરતા મહર્ષિ કાશ્યપ જણાવે છેઃ 'अनेन संवर्धितम् इतरे चिकित्सति ।'

એટલે કે કૌમારભૃત્ય (આ તંત્રથી) બાળકનું રક્ષણ થશે. તો બીજી બધી ચિકિત્સા થઈ શકશે. જેમ કે, પાયો મજબૂત હશે, તો જ કંઈક બાંધી શકાશે. તેવી રીતે શિશુની આદ્ય અને ઉત્તમ ચિકિત્સા આ જ છે, ઉપરાંત શિશુ પર સૌથી વધુ અનિષ્ટ થવાની સંભાવના આ જ અવસ્થામાં હોય છે, તે દૃષ્ટિએ વિચારતા ઉત્તમ તંત્ર આ જ છે.

મહર્ષિ કાશ્યપે આ સત્યને યથાર્થ રૂપે સમજાવતાં સટીક ઉદાહરણ આપ્યું છે કે, 'દેવોને અન્નાદિ પહોંચાડવાનું ઉત્તમ માધ્યમ અગ્નિ છે, તેવી જ રીતે બાળકોને સ્વાસ્થ્ય પહોંચાડવાને માટે આ તંત્ર માધ્યમ છે.'

મહર્ષિ કાશ્યપે ચિકિત્સાના બે વિભાગ કર્યા છે, (કૌમારભૃત્ય તંત્રના બે વિભાગ છે) (૧) ઔષધ, (૨) ભેષજ.

ઔષધ અર્થાત્ એવો પદાર્થ કે જે સ્થૂલ અથવા સૂક્ષ્મ માત્રામાં અપાય છે તે અને ભેષજ અર્થાત્ દેવવ્યપાશ્રય ચિકિત્સા જેમાં મંત્ર, યજ્ઞ, હોમ, દાન, તપ ઈત્યાદિનો સમાવેશ કરવામાં આવે છે.

આ કૌમારભૃત્ય અર્થાત્ બાલ રોગ ચિકિત્સા વિશે માત્ર કાશ્યપ સંહિતામાં જ નહીં, પરંતુ આયુર્વેદના મોટાભાગના ગ્રંથોમાં, સંહિતાઓમાં, બાલ ચિકિત્સા વિશેનું વર્ણન ગ્રંથકાર આચાર્યોએ અંશતઃ અથવા વિસ્તારથી કર્યું છે.

મહર્ષિ વાગ્ભટ્ટ વિરચિત 'અષ્ટાંગહૃદય', મહર્ષિ ચરક વિરચિત 'ચરક સંહિતા', મહર્ષિ સુશ્રુત વિરચિત 'સુશ્રુત સંહિતા' આદિ ઐતિહાસિક આયુર્વેદ ગ્રંથોમાં તથા બાલતંત્ર વિશેના દુર્લભ ઐતિહાસિક પુસ્તકોમાં બાલ-ચિકિત્સાનું વર્ણન છે. બાલ ચિકિત્સાના મુખ્ય પુસ્તકો નીચે મુજબ છેઃ

(૧) વૃદ્ધ કાશ્યપ સંહિતા (૨) કાશ્યપ સંહિતા-વૃદ્ધ જીવકીય મંત્ર

(૩) જીવક તંત્ર (૪) પાર્વતક તંત્ર

(૫) બંધક તંત્ર (૬) હિરણ્યાક્ષ તંત્ર

(૭) રાવણકૃતકુમાર તંત્ર

આમાંના પાર્વતક તંત્ર, બંધક તંત્ર અને હિરણ્યાક્ષ તંત્ર અત્યારે ઉપલબ્ધ નથી.

બાલતંત્ર પરનાં પ્રાચીનતમ ગ્રંથ 'કાશ્યપ સંહિતા'ના ઉપલબ્ધ એવા ખિલ ભાગમાં સૂત્રસ્થાનમાં બાળકોને જન્મ પછી કરાવવામાં આવતા સંસ્કારો, ક્રિયાઓ, ઔષધ-યોજનાઓ, તેમજ ઔષધના પરિણામો તેમજ ઔષધની અસરો આ તમામ વિષયો પર સચોટ માહિતી અને માર્ગદર્શન આપવામાં આવેલ છે. તદુપરાંત બાળકોને ગ્રહદોષથી થવાવાળા રોગો, પૂર્વજન્મકૃત પાપોથી થવાવાળાં રોગો આસપાસના વાતાવરણની અશુદ્ધિ તથા વિકૃતિથી થવાવાળા રોગો તેમજ વારસગત રોગોનું તેના લક્ષણોનું તથા તેના ઉપચારોનું સૂક્ષ્મ રીતે વર્ણન કરવામાં આવ્યું છે.

આયુર્વેદના ગ્રંથોમાં મંત્ર અને ઔષધિઓના સંયોજનથી અનેક રોગોનો ઉપચારઃ

આયુર્વેદના ગ્રંથોમાં ખાસ કરીને 'કાશ્યપ સંહિતા'માં અનેક પ્રકારની ઔષધિઓનો ઉલ્લેખ થયો છે, તેવી રીતે અનેક પ્રકારના મંત્રોનો ઉપયોગ પણ બાલ ચિકિત્સા તથા અન્ય ચિકિત્સામાં કરવામાં આવ્યો છે.

**કૌમારભૃત્યના વિષયોઃ**

**बालस्य प्रसवात् सर्वे पालनं पोषणं तथा ।**
**धात्री परीक्षणं चैव स्तन्यविज्ञान मेव च ।।**
**शिशूनां सर्वरोगाणां ज्ञानं तेषां निवारणम् ।**
**बालग्रहपरिज्ञानं ह्येतत् कौमारभृत्यकम् ।।**

(૧) પ્રસૂતાની પ્રસવચર્યા (૨) શિશુનું પાલન-પોષણ
(૩) ધાત્રીનું પરીક્ષણ (૪) સ્તન્ય વિજ્ઞાન
(૫) શિશુના સર્વરોગોનું જ્ઞાન, તેના લક્ષણોનું જ્ઞાન તથા તેનું નિવારણ.
(૬) બાલગ્રહનું વિજ્ઞાન અને તેની ચિકિત્સા



ઉપરોક્ત વિષયો પર કાશ્યપ સંહિતામાં સૂક્ષ્મ રીતે વિવરણ કરવામાં આવ્યું છે.

તેમાં શિશુના જન્મ પૂર્વે સ્ત્રી-પુરુષનો આહાર-વિહાર, ગર્ભાધાન સમયે આહાર-વિહારના નિયમો, ગર્ભકાળમાં ગર્ભવતી સ્ત્રીએ પાળવાના નિયમો આસન્નપ્રસૂતા એટલે કે પ્રસૂતિ થવાની તૈયારી હોય તેવી સ્ત્રીની કુદરતી ચર્યા, પ્રસૂતિ (Normal Delivery) થાય, તે માટેના ઉપાયો તેમજ નવજાત શિશુના સંગોપનના સમગ્ર નિયમોનું વિગતવાર વર્ણન કરવામાં આવ્યું છે.

**માટીના પીંડામાંથી મૂર્તિ બનાવતા વિવિધ સંસ્કારોનું વર્ણનઃ**

જેવી રીતે શિશુ સંગોપન આદિનું વર્ણન 'કાશ્યપ સંહિતા'માં કરવામાં આવ્યું છે. તેવી જ રીતે શિશુના વિવિધ સંસ્કારોનું પણ વર્ણન કરવામાં આવ્યું છે. આ સંસ્કારોમાં મંત્રો તથા ઔષધિઓનું ઉત્કૃષ્ટ સંયોજન કરવાની પદ્ધતિ તથા તેનાથી પ્રાપ્ત થતા લાભોનું વર્ણન પણ કરાયું છે, તેવા સંસ્કારોના ત્રણ વિભાગો પાડી શકાયઃ

(૧) શિશુના જન્મ પૂર્વે કરવામાં આવતા સંસ્કારો,
(૨) શિશુના જન્મ સમયે કરવામાં આવતા સંસ્કારો, તેમ જ
(૩) શિશુના જન્મ બાદ, વિવિધ આયુ અનુરૂપ કરવામાં આવતા સંસ્કારો.

**જન્મ પૂર્વના સંસ્કારોઃ**

શિશુના જન્મ પૂર્વે મુખ્ય ચાર સંસ્કારો ઉત્તમ સંતાન પ્રાપ્તિ હેતુ કરવામાં આવે છે. જેમાં ગર્ભાધાન સંસ્કાર, પુંસવન સંસ્કાર, અનવલોભન સંસ્કાર અને સીમન્તોન્નયન સંસ્કારનો સમાવેશ થાય છે. (આ ચારેય સંસ્કારો વિશેની વિશદ માહિતી સંસ્થા દ્વારા પ્રકાશિત ગર્ભવિજ્ઞાન પુસ્તકમાંથી મળી શકશે.)

**જન્મ સમયે કરવામાં આવતો જાતકર્મ સંસ્કાર (સુવર્ણ પ્રાશન સંસ્કાર)ઃ**

શિશુના જન્મ સમયે શિશુના તાલુ, જીભ તથા પેટમાં વિવિધ અશુદ્ધિઓ જતી હોય છે. ઘણા બધાં કેસમાં Amniotic Fluid (ઉલ્વોદક) પી જવાની સમસ્યા પણ થાય છે. પ્રાજ્ઞ ઋષિમુનિઓએ આ બધી જ સમસ્યાઓથી શિશુને બચાવવા માટે વિવિધ ઔષધ-યોજનાઓ આયુર્વેદના ગ્રંથોમાં વર્ણવેલી છે,

જેમાં સૈંધવ (સિંધાલૂણ) અને ઘીનું ચાટણ, ગળથૂથી, તેમ જ સુવર્ણ પ્રાશનનું વિસ્તૃત વર્ણન ઐતિહાસિક તથા પારંપરિક ગ્રંથ પરંપરામાં કરવામાં આવેલું છે.

બાળકોને કરવામાં આવતા પ્રથમ સંસ્કાર એવા જાતકર્મ સંસ્કાર સુવર્ણની શલાકાથી ઘસીને અસમાન માત્રામાં ઘી અને મધ લઈને શિશુની જિહ્વા પર ૐ અથવા **સ્વસ્તિક** જેવા માંગલિક ચિહનોનું લેખન કરવમાં આવે છે. જેનો સૂક્ષ્મ સંબંધ આ ઔષધિઓ વડે બાળકની શારીરિક શુદ્ધિનો અને રોગપ્રતિકારક શક્તિની વૃદ્ધિનો હોય છે.

**જાતકર્મ સંસ્કાર કરતી વખતે બોલવાના મંત્રોઃ-**

**'अंगाद् अंगाद् संभवसि हृदयाद् अभिजायसे ।**

**आत्मा वै पुत्रनामासि, संजीव शरदां शतम् ।।**

**शतायु शत वर्षोसि दीर्घम् आयु अवाप्नुहि ।**

**नक्षत्राणि दिशो रात्रिरहश्व त्वाम् अभिरक्षतु ।।'**

ભાવાર્થઃ તું અંગે અંગમાંથી ઉત્પન્ન થાય છે. પુત્રના નામે તું આત્મા છે, તું સો શરદઋતુ સુધી જીવજે, તું સો વર્ષનો થજે, લાંબુ આયુષ્ય પામજે, નક્ષત્રો, દિશાઓ, રાત અને દિવસ તારું રક્ષણ કરો.

આ મંત્ર બાળકના જમણા કાનમાં બોલીને બાળકને સુવર્ણ પ્રાશન ચટાડવું.

સુવર્ણ પ્રાશન આપતી વખતે નીચેનો શ્લોક તથા ત્યારપછી લખેલ મંત્રનું પણ ઉચ્ચારણ કરવુંઃ

**ओम् प्र ते ददामि मधुनो धृतस्य,**

**वेदम् सवित्रा प्रसूतां अधोनाम् ।**

**आयुष्मान् गुप्तो देवातिभः शतम्-**

**जीवम् शरदी लोके अस्मिन् ।।**

ભાવાર્થઃ હું તને ઘી અને મધ ચટાડું છું, આ બન્ને પદાર્થો ભગવાને સર્જ્યા છે, તે ઐશ્વર્ય આપનારા છે, હવે તારું રક્ષણ કરશે. તું દીર્ઘાયું સો વરસનો થા.

**ૐ भुः त्वयि दधामि ।** હે વત્સ! તને તેજ પ્રાપ્ત થાઓ.



**ૐ भुवः त्वयि दधामि ।** હે વત્સ! તને ઓજ પ્રાપ્ત થાઓ.

**ૐ स्वः त्वयि दधामि ।** હે વત્સ! તને વર્ચ (પ્રભાવ-સત્તા) પ્રાપ્ત થાઓ.

**ૐ भुः भुवः स्वः त्वयि दधामि ।** હે વત્સ! તને તેજ (બાહ્ય પ્રતિભા), ઓજ (આંતરિક પ્રતિભા) તથા વર્ચ (ભૌતિક પ્રતિભા) પ્રાપ્ત થાઓ એજ શુભકામના.

આવા પવિત્ર મંત્રો સાથે નવજાત શિશુનો આ સંસ્કાર કરવામાં આવે છે. તેનાથી તેના મન-બુદ્ધિ, ચિત્ત દિવ્યતા તરફ વળે છે. તેમ જ અનેક પ્રકારની વાતાવરણમાં રહેલી સકારાત્મક ઊર્જા તેને પ્રાપ્ત થાય છે. મંત્રની અસરો વિશે આજે સંશય કરવો ઉચિત નથી. કારણ કે મોડર્ન સાયન્સ જેમ જેમ વિકસિત થતું જાય છે, તેમ તેમ Aura Science ને સ્વીકૃતિ મળતી જાય છે. વ્યક્તિની આસપાસ રહેલા આભામંડળના ફોટો પણ હવે લઈ શકાય છે.

મંત્ર ઈત્યાદિ ઉપચારોથી વ્યક્તિના સૂક્ષ્મ શરીરમાં થયેલા રોગોની ચિકિત્સા શક્ય બને છે, તેમ જ ઔષધિઓના પ્રયોગથી સ્થૂળ શરીરની ચિકિત્સા તો થાય જ છે. આમ, સ્થૂલ અને સૂક્ષ્મ બન્ને શરીર પર સકારાત્મક પ્રભાવ માટે મંત્ર અને ઔષધિ બન્નેનો સમન્વય આવશ્યક જ નહીં, પરંતુ, અનિવાર્ય છે.

શાસ્ત્રના આ સિદ્ધાંતનું શત પ્રતિશત પાલન કરીને **સંસ્કૃતિ આર્ય ગુરુકુલમ્**ના દ્વારા, સંસ્કૃત-શાસ્ત્રના વિદ્વાનો તથા આયુર્વેદના નિષ્ણાંત વૈદ્યોના સમૂહ (ટીમ) વડે, વૈદીક મંત્રોચ્ચારપૂર્વક ઔષધિઓને અભિમંત્રિત કરી, ઔષિધઓ બનાવવામાં આવે છે, સાથે સાથે સ્વચ્છતા, પવિત્રતા, શુદ્ધતા વગેરેનું પણ ઔષધ નિર્માણ વખતે પૂરું ધ્યાન રાખવામાં આવે છે, તેથી આ સંસ્થાના દ્વારા બનતી ઔષધિઓ '**મંત્રૌષધિ**'ના સાર્થક નામ વડે ઓળખાય છે.

ઉપરોક્ત શાસ્ત્રોક્ત પદ્ધતિ વડે નિર્મિત **'મંત્રૌષધિ સુવર્ણ પ્રાશન' આ સંસ્થા છેલ્લા ૫૦ વરસોથી બનાવે છે.** આ સુવર્ણપ્રાશન જન્મ સમયે, જાતકર્મ સંસ્કાર કરતી વખતે તો આપવામાં આવે જ છે, સાથે સાથે, બાળકની રોગપ્રતિકારક શક્તિ વધારવા માટે, મેધા પ્રજ્ઞાના વર્ધન માટે, તેમ જ કફના અનેક પ્રકારના રોગોથી બાળકનું રક્ષણ કરવા માટે આ પ્રાશન નિયમિત પીવડાવવાનું કાશ્યપ સંહિતામાં કાશ્યપ મુનિએ જણાવ્યું છે.

આ પ્રાશનને કુમારાવસ્થા સુધી એટલે કે બાળક પંદર વર્ષનું થાય, ત્યાં સુધી નિર્ભયતાપૂર્વક પ્રતિદિન આપી શકાય છે. આ પ્રાશનના લાભોનું વર્ણન કાશ્યપ સંહિતામાં આ પ્રમાણે જણાવ્યું છે.

**सुवर्ण प्राशनं हि एतत् मेधाग्निबलवर्धनम् ।**

**आयुष्यं मंगलं पुण्यं, वृष्यं वर्ण्यं ग्रहापहम् ।।**

**मासात् परममेधावी व्याधिभिर्न च धृष्यते ।**

**षड्भिर्मासैः श्रुतधरः सुवर्णप्राशनादुभवेत् ।।**

બાળકને કરવામાં આવતો જાતકર્મ એટલે કે સુવર્ણપ્રાશન સંસ્કાર મેધા, અગ્નિ અને બળ વધારે છે. તે આયુષ્ય પ્રદાન કરે છે, તેમ જ તે કલ્યાણકારક, પુણ્યકારક, વર્ણ સુધારનારું અને ગ્રહ પીડાને દૂર કરનારું છે.

સુવર્ણ પ્રાશનથી બાળક મેધાયુક્ત બને છે. બાળકનું સર્વરોગોથી રક્ષણ થાય છે અને છ માસના સેવનથી એ બાળક શ્રુતધર (એકવાર સાંભળેલું સરળતાથી યાદ રહી જાય તેવું) બને છે.

આ સુવર્ણ પ્રાશન મેધા-અર્થાત્ વિશિષ્ટ બુદ્ધિને વધારનારું છે. વિશિષ્ટ બુદ્ધિ મેધાને વધારનારા દ્રવ્યોને આયુર્વેદમાં મેધ્ય કહ્યા છે. જે સત્વગુણને વધારી બુદ્ધિની શુદ્ધિ કરે છે.

આ સુવર્ણ પ્રાશનના નિયમિત સેવનથી અગ્નિ પણ વધે છે. અગ્નિ એટલે 'તેજ' તત્વ, સમગ્ર જગતમાં 'સોમ' તત્વ અને 'તેજ' તત્વ વ્યાપ્ત છે. 'अग्नि सोमात्मकं जगत्'

આ અગ્નિનું રક્ષણ કરવાથી જીવનનું રક્ષણ થાય છે. તેથી આયુર્વેદમાં કહેવાયું છે કેઃ 'अग्नि रक्षति रक्षितः' (અગ્નિનું રક્ષણ કરનાર પોતે અગ્નિથી રક્ષા પામે છે.)

અગ્નિ તેર પ્રકારની હોય છે. પાંચ ભૌતિકાગ્નિ, સાત ધાત્વગ્નિ, તથા એક જઠરાગ્નિ, પાંચ અગ્નિ એટલે પૃથ્વી આદિ પંચમહાભૂતોમાં રહેવાવાળી અગ્નિ, સાત ધાત્વગ્નિ એટલે રસાગ્નિ, રક્તાગ્નિ, ઈત્યાદિ ક્રમશઃ એક ધાતુમાંથી બનતી બીજી ધાતુ આપણા શરીરમાં આવી સાત ધાતુ બનતી હોય છેઃ રસ,



રક્ત, માંસ, મેદ, અસ્થિ, મજ્જા, શુક્ર.

તે ઉત્તરોત્તર ધાતુ નિર્માણનું કાર્ય તે ધાતુઓમાં રહેલી અગ્નિ કરતી હોય છે.

સુવર્ણ પ્રાશનથી ઉત્તરોત્તર ધાતુ નિર્માણનું કામ સારી રીતે થાય છે. બાળકની રસાદિ ધાતુઓ સબળ થવાથી તેનામાં સ્ફૂર્તિનો સંચાર થાય છે. સ્નાયુઓ સુદૃઢ બને છે, હાડકાં મજબૂત થાય છે. બાળક ચપળ બને છે. શરીર ભરાવદાર થાય છે. સ્થૂળતા-બેડોળપણું દૂર થાય છે. બાળકની વિકાસ પ્રક્રિયામાં સુવર્ણ પ્રાશન ઉત્તમ સહાયક છે.

**बलवर्धनम्ः** બાળકોને વિવિધ પ્રકારના રોગોથી બચવા બળની આવશ્યકતા હોય છે. આયુર્વેદના મત અનુસાર ત્રણ પ્રકારના બળ હોય છે.

(૧) કાળ બલ, (૨) યુક્તિ બલ, (૩) સહજ બલ

આ ત્રણ પ્રકારના બળોમાંથી ઔષધ યોજના કરીને યુક્તિ બલ વધારવાની વાત કહેવાયેલી છે. જેમાં વિવિધ ઔષધોનું સેવન કરાવી બલવર્ધન કરાવવામાં આવે છે.

આ બળ વધવાથી બાળકોની રોગપ્રતિરોધક શક્તિ વધે છે. સંક્રામક રોગી સામે રક્ષણ પ્રાપ્ત થાય છે. માનસિક વધારો થવાથી આત્મવિશ્વાસમાં પણ વધારો થાય છે. આત્મવિશ્વાસ વધવાથી સંકલ્પશક્તિ દૃઢ બને છે. દૃઢ સંકલ્પ સાથેનો પરિશ્રમ જ સફળતા અપાવે છે.

**आयुष्यम्ः** સુવર્ણ પ્રાશન ઘસાઈ જતા કોષોને ફરી ઝડપથી નવા ઉત્પન્ન કરતું હોવાથી આયુષ્યને વધારનારું કહ્યું છે.

**मङ्गलम्ः** સુવર્ણ પ્રાશન એક સંસ્કાર હોવાથી, અને સંસ્કારનો હેતુ કલ્યાણ તરફની યાત્રા કરાવવાનો હોવાથી તેને મંગલ કહ્યું છે.

**पुण्यम्ः** આયુર્વેદ પુણ્ય અને પાપ જેવા અદૃષ્ટ તત્ત્વોનો પણ પૂર્ણપણે સ્વીકાર કરે છે. તેમ જ રોગો થવાના કારણોમાં પાપ અને રોગ નિવારણના ઉપચારોમાં પુણ્યનું મહત્ત્વનું સ્થાન સ્વીકારે છે. તેથી જ 'માધવનિદાન' નામના આયુર્વેદના ગ્રંથમાં જણાવાયું છે કેઃ

**पूर्वजन्मकृतं पापं व्याधिरूपेण बाधते ।**

**तच्छान्तिरौषधैर्दानैर्जपहोमार्चनादिभिः ।।**

પૂર્વજન્મના કરેલા પાપ આ જન્મમાં રોગરૂપે પીડા આપે છે. તેની શાંતિ માટે દાન, તપ, જપ, હોમ, પૂજાપાઠ વગેરે (દૈવવ્યપાશ્રય) ઔષધિઓથી થાય છે.

સુવર્ણ પ્રાશન બનાવવામાં તેમ જ આપવામાં મંત્રની વિશિષ્ટ રીતે યોજના હોવાથી પૂર્વજન્મના કર્મોથી થનારા રોગોની ચિકિત્સામાં (દૈવવ્યપાશ્રય ચિકિત્સામાં) તેનો ઉપયોગ થાય છે, તેથી અદૃષ્ટ કારણોથી થનારાં બાલરોગોમાં પણ સુવર્ણ પ્રાશન રક્ષણ આપતું હોવાથી તેને 'पुण्यम्' કહ્યું છે.

**वृष्यम्ः** બાળકોની જીવનીય શક્તિને દૃઢ કરીને બાળકોના વિકાસ માટે મહત્ત્વનું હોવાથી તેને 'वृष्य' (જીવનીય શક્તિ વધારનાર) કહ્યું છે.

**ग्रहापहम्ः** બાળકોને વિવિધ ગ્રહોના પ્રભાવને કારણે થનારા રોગોનું વર્ણન સુશ્રુતાદિ સંહિતાઓમાં વિસ્તારપૂર્વક કરવામાં આવ્યું છે. તેમાં પૂતના, સ્કંદ ઈત્યાદિ નામો વડે આવા ગ્રહોથી થનારા રોગો, તેમ જ તે રોગોના લક્ષણો અને ઉપચારોનું પણ વિસ્તૃત વર્ણન આપવામાં આવ્યું છે. સુવર્ણ પ્રાશન ગ્રહોના પ્રભાવના લીધે થવાવાળાં રોગોની સામે બાળકને રક્ષણ આપતું હોવાથી 'ग्रहापहम्' કહ્યું છે.

આવા અનેક ગુણોથી સમૃદ્ધ એવા સુવર્ણ પ્રાશનનું સેવન કરવાથી કેવા ઉત્કૃષ્ટ પરિણામો પ્રાપ્ત થાય છે. તેનું વર્ણન હવે આગળના શ્લોકમાં કરેલું છે.

**मासात् परममेधावीः** એટલે કે આ સુવર્ણ પ્રાશનનું નિયમિત સેવન કરવાથી બાળકના આહાર-વિહારમાં પૂર્ણ પથ્ય પાલન કરવાથી બાળકને મેધા વિશિષ્ટ બુદ્ધિ ઉપર એક જ મહિનામાં શુભ પ્રભાવ પડવાનો પ્રારંભ થઈ જાય છે. તેથી આજના કાળમાં બાળકોમાં સર્વસામાન્ય જોવા મળતાં માનસિક રોગો, જેમ કે, બુદ્ધિમાંદ્ય (મંદબુદ્ધિત્વ), યાદશક્તિનો અભાવ, ચંચળતા, ચીડચીડાપણું, વગેરે રોગોમાં ખૂબ જ ફાયદો થાય છે.

**व्याधिभिर्न च धृष्यतेः** આ સુવર્ણ પ્રાશન માત્ર માનસિક વિકારો (આધિ)માં જ નહીં, પરંતુ અનેક પ્રકાર શારીરિક રોગો (વ્યાધિ)માં પણ ઉપકારક હોવાથી,



આ સુવર્ણ પ્રાશનનું સેવન કરવાથી, અનેક પ્રકારની શારીરિક સમસ્યાઓ (વ્યાધિઓ)થી બાળકને સુરક્ષા પ્રાપ્ત થાય છે.

**षड्भिर्मासैः श्रुतधरः** આ સુવર્ણ પ્રાશનના નિયમિત સેવનથી છ મહિનામાં જ બાળક સાંભળેલું યાદ રાખી શકે છે, અર્થાત્ તેની ધારણાશક્તિ વધી જાય છે. આ રીતે સુવર્ણ પ્રાશન માત્ર ગ્રહણ શક્તિ (Grasping power) જ વધારતું નથી સાથે બાળકની ધારણા શક્તિ પણ વધારે છે.

સુવર્ણ પ્રાશનના આવા ચમત્કાર કહી શકાય તેવા લાભોનું વર્ણન વાંચીને જિજ્ઞાસુઓને અવશ્ય પ્રશ્ન થશે કે એક જ ઔષધિના આટલા બધા ગુણો હોઈ શકે ખરા? એક જ ઔષધિ બાળકોના તન-મન-બુદ્ધિના સર્વ વિકારોનું નિવારણ કરી શકે ખરી? તો તેઓને માટે સમાધાન છે કે, આ અવશ્ય થઈ શકે. શરત એટલી જ છ કે સુવર્ણ પ્રાશનનું નિર્માણ સંપૂર્ણપણે શાસ્ત્રીય વિધિથી થવું, આવશ્યક નહીં, પરંતુ અનિવાર્ય છે.

શાસ્ત્રોમાં બતાવેલી વિધિ પ્રમાણે સંસ્કૃતના શુદ્ધ ઉચ્ચારપૂર્વક મંત્રોના ગાન દ્વારા, પૂર્ણપક્વ, સંપૂર્ણ રસદાર ઔષધિઓને અભિમંત્રિત કરવામાં આવે, તેમ જ તેવી ઔષધિઓનું શાસ્ત્રોમાં બતાવેલા અનુપાતમાં વિશિષ્ટ રીતે મિશ્રણ કરવામાં આવે, તો જ આ સર્વ લાભો મળવા સુલભ બને.

આજકાલ બજારમાં વેચાતા સુવર્ણ પ્રાશનથી આ લાભો પૂર્ણપણે પ્રાપ્ત થવા શક્ય જ નથી. કારણ કે, **આજકાલ સુવર્ણ પ્રાશન મંત્રરહિત, શુષ્ક વાતાવરણમાં હૃદયના ઉત્કૃષ્ટ ભાવ વગર, તેમજ માત્ર વ્યાવસાયિક હેતુથી જ બનાવવામાં આવે છે,** તેમ જ તેમાં ઉપયોગ થતી ઔષધિઓ પ્રાયઃ હીનવીર્ય તેમ જ અલ્પગુણવાળી હોવાથી, (જથ્થાબંધ ઓષધિઓ એકસાથે આવતી હોવાથી પ્રાયઃ હીનવીર્ય હોય છે) આવા ચીલાચાલુ સુવર્ણપ્રાશનથી ઉપરોક્ત પરિણામો મળવાની સંભાવના નહીંવત જ છે.

પરંતુ જો શાસ્ત્રોક્ત વિધિથી, સંસ્કારની રીતે સુવર્ણ પ્રાશનનું નિર્માણ કરવામાં આવે, તેમ જ તેવા સુવર્ણ પ્રાશનનો યોગ્ય વિધિથી પ્રયોગ કરવામાં આવે તો આ સંપૂર્ણ લાભો પ્રાપ્ત થાય જ છે, એ માત્ર કલ્પના કે અનુમાન જ નહીં, પરંતુ ઐતિહાસિક વાસ્તવિકતા છે.

ભારતીય ઈતિહાસમાં સુવર્ણપ્રાશનની પરંપરા અત્યંત પ્રાચીન છે, તેથી જ ઈતિહાસનો સંદર્ભ જોતા જણાય છે કે, પ્રાચીન ભારતમાં બાળરોગોનું તેમ જ બાળવિકૃતિઓનું વિવિધ માનસિક રોગોનું પ્રમાણ નહિવત્ હતું. જેમ કે, હજારો વર્ષના પૂર્વના ઐતિહાસિક ગ્રંથ, 'શ્રી વાલ્મિકીય રામાયણ'માં માત્ર બે જ વ્યક્તિઓ અંધ હોવાનો ઉલ્લેખ મળે છે. અને તે છે, શ્રવણના અંધ માતા-પિતા. અન્ય ઐતિહાસિક ગ્રંથ એવા મહાભારતમાં માત્ર એક જ વ્યક્તિ અંધ હોવાનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે, અને તે એટલે ધૃતરાષ્ટ્ર તેમ જ બીજી ગંભીર પ્રકારની બાળકોની બીમારીઓનું વર્ણન પણ પ્રાયઃ ઐતિહાસિક ગ્રંથોમાં ન હોવાથી સિદ્ધ થાય છે કે, ત્યારના સમાજના તથા બાળકોના સ્વાસ્થ્યનું પ્રમાણ આજના કરતા ઘણું જ સારું હશે.

આ સામૂહિક સ્વાસ્થ્યના પ્રમુખ કારણોમાંનું એક કારણ સુવર્ણપ્રાશન જેવા સંસ્કારોનું નિયમિત થતું સેવન હતું. પરંતુ ત્યારબાદ ભારતમાં વિદેશી આક્રમણો થવાથી, હજારો ગ્રંથો એ આક્રમણના કારણે નષ્ટ થયા, અનેક સંસ્કારો લુપ્ત થયા, તેમાં કાશ્યપ સંહિતા નામનો બાલચિકિત્સા તેમ જ બાળકોના સંસ્કારો વિશેનો અદ્ભુત ગ્રંથ પણ અંશતઃ નષ્ટ થયો, આજે પણ આ ગ્રંથ દુર્ભાગ્યે પૂર્ણપણે ઉપલબ્ધ નથી.

આવો ગ્રંથો નષ્ટ થતાં આ ગ્રંથમાં કહેવાયેલી વિશિષ્ટ વિધિઓ તેમ જ તેમાં વર્ણિત સંસ્કારો પણ લુપ્ત થયા. સદ્ભાગ્યે કાશ્યપ સંહિતાનો આજે ઘણો ભાગ ઉપલબ્ધ છે. ઉપલબ્ધ ભાગમાં પણ સુવર્ણ પ્રાશન સંસ્કારની વિધિ આપવામાં આવી છે. આ વિધિનું સૂક્ષ્મ રીતે અવલોકન કરી **અમારા ગુરુવર્યશ્રીએ આ સંસ્કારને સમાજમાં પુનઃ જીવિત જ નહીં, ગતિમાન પણ કર્યો.**

***



**પ્રકરણ-૨**

# સુવર્ણ પ્રાશન સંસ્કારનું સામાજીકરણ

## સંસ્કૃતિ આર્ય ગુરુકુલમ્‌ની કાર્ય ત્રિપદી એટલે

(૧) **શિક્ષાનું ભારતીયકરણ,**

(૨) **ચિકિત્સાનું ધ્રુવીકરણ,**

(૩) **સંસ્કારોનું સામાજીકરણ.**

આ કાર્ય ત્રિપદીમાં સંસ્કારોના સામાજીકરણ અંતર્ગત અનેક પ્રકારના સંસ્કારોનું સમાજમાં પુનર્જાગરણ કરવાનું ભગીરથ કાર્ય પૂ. ગુરુવર્યએ કર્યું છે. તેમાં સુવર્ણ પ્રાશન નામના સંસ્કારને પુનઃ જીવંત કરવા સુવર્ણ પ્રાશન વિષયક આયુર્વેદીય તેમ જ ધર્મશાસ્ત્રીય સાહિત્યનું વરસો સુધી સૂક્ષ્મ અધ્યયન કર્યું તેમ જ તેમાં નિર્દેશિત પ્રયોગ વિધિઓનું વ્યવહારીકરણ કરવા માટે અનેક Experiments કર્યા. તેમાંથી વિશિષ્ટ મંત્રો વડે સુવર્ણ ભસ્મ, વચા, બ્રાહ્મી, શંખપુષ્પી, પીપર ઈત્યાદિ ઔષધિઓનું વિશિષ્ટ સંયોજન કરી સુવર્ણ પ્રાશનનું નિર્માણ કરવામાં આવ્યું. આ સુવર્ણ પ્રાશનનું સાર્થક નામાભિમાન કરવામાં આવ્યું. '**મંત્રૌષધિ સુવર્ણ પ્રાશન**'.

**આ સુવર્ણ પ્રાશનમાં મંત્ર અને ઔષધિઓનું જ સંયોજન છે.** તેમાં પ્રત્યેક ઘટક કે જે મંત્ર તેમજ ઔષધિરૂપે છે. તેના પ્રત્યેકના ગુણો અદ્ભુત લાભદાયી છે, બાળકોને સ્વાસ્થ્યકર છે, તેમ જ બાળકોને માટે એક આદર્શ ઔષધ અને પૌષ્ટિક આહારની પણ ગરજ સારે છે.

**ઔષધ નિર્મિતિમાં મંત્રની વિશિષ્ટ યોજનાઃ**

કાશ્યપસંહિતા નામના આયુર્વેદના પ્રાચીનતમ ગ્રંથમાં જણાવ્યા પ્રમાણે, '**हुतान् वारान् सहस्रशः**' શ્રીસૂક્તાદિ વિશિષ્ટ સૂક્તોના શુદ્ધ ઉચ્ચારણપૂર્વક આ ઔષધિઓને અભિમંત્રિત કરવામાં આવે છે, બનાવતી વખતે પ્રત્યેક બાળકના સ્વાસ્થ્યની મંગલ કામના આયુર્વેદ ઉદ્‌ગાતા ભગવાન ધન્વંતરીને કરવામાં આવે છે. આવા વિશિષ્ટ પૂજન-અર્ચન સાથે આ પ્રાશનનું નિર્માણ કરવામાં આવે છે.

તેથી આ પ્રાશનમાં સાત્વિક ઊર્જા ખૂબ જ હોય છે. એટલા માટે જ આ પ્રાશન માત્ર સ્થૂલ શરીર પર જ નહીં, પરંતુ સૂક્ષ્મ શરીર પર પણ ખૂબ જ સકારાત્મક પરિણામ આપે છે, તેથી બાળકના મન બુદ્ધિ પણ આ પ્રાશનના સેવનથી દિવ્ય બને છે. ચિત્તમાં શુભ સંસ્કારો દૃઢ બને છે. આવા પવિત્ર મંત્રોથી અભિમંત્રિત કરાતી ઔષધિઓના ગુણ પણ જોઈએ.

સુવર્ણ પ્રાશનમાં મંત્ર પછી ઔષધિઓનો ક્રમ આવે છે, તે ઔષધિઓમાં પ્રમુખ ઔષધ એટલે સુવર્ણ ભસ્મ. સુવર્ણ ભસ્મના ઔષધિય તેમ જ શાસ્ત્રીય ગુણો જણાવતા રસેન્દ્ર ચિંતામણિકારે લખ્યું છે.

**मधुरं कटुकं पाके, सुवर्ण वीर्यशीतलम् ।**

**सर्वदोष प्रशमनं विषध्नं गरनाशनम् ।।**

**अलक्ष्मी कलि पापानां प्रयोगस्तस्य नाशनः ।**

**आयुर्मेधा स्मृतिकरः पुष्टिकान्ति विवर्धनः ।।**

**सर्वोषधि प्रयोगैर्ये व्याधयो न विनिर्जिताः ।**

**कर्मभि पञ्चभिश्चापि सुवर्ण तेषु योजयेत् ।।**

(સુવર્ણ રસમધુર, વિપાક કટુ, શીતવીર્ય, વાત, પિત, કફ ત્રણેય દોષોનું શમન કરનાર, વિષધન, કૃત્રિમ વિષહર અને દૂષિત યોગોના સાઈડ ઈફેક્ટ દૂર કરનાર છે. આયુ સ્મૃતિવર્ધક અને ઓજ, કાન્તિ આપનાર છે.)

અહીંયા નોંધવા જેવી બાબત એ છે કે, કેટલાક પોતાને 'જ્ઞાની' કહેવડાવવાવાળા લોકો સુવર્ણ ભસ્મને ઉષ્ણ માને છે, તેઓને શાસ્ત્રાભ્યાસ ન હોવાથી અત્રે શ્લોક પ્રમાણ આપી બતાવવામાં આવ્યું છે કે, સુવર્ણ ભસ્મ શીતવીર્ય છે. એટલે કે તે ગરમ પડતી નથી. તેમ જ ગરમ હોતી પણ નથી, તેથી તેને નિર્ભયતાપૂર્વક વિશિષ્ટ ઔષધ સાથે યોજના કરીને નિયમિત આપી શકાય છે.

સુવર્ણ ભસ્મના કેટલાક ગુણધર્મો 'રસકામધેનુ' નામના ગ્રંથમાં પણ વર્ણવાયેલ છે. 'रोगप्रशान्तये सेव्यो देवदेवश्वरः सदा ।।'

અહીંયા સુવર્ણને દેવદેવેશ્વરની અદ્ભુત ઉપમા આપવામાં આવી છે. ક્ષય આદિ રોગોને દૂર કરવા માટે સુવર્ણનું સેવન કરવું.



ઉપરાંત, સુવર્ણના પ્રયોગથી રક્ત પ્રસાદનકાર્ય સારી રીતે થાય છે, ચામડી સુંવાળી અને તેજસ્વી બને છે. ચામડીમાં રહેલા પિત્તવિકારનું સારી રીતે શમન થાય છે, ચહેરા પર કાન્તિ આવે છે.

અન્ય ગ્રંથોમાં પણ સુવર્ણ ભસ્મના ગુણોનું વર્ણન કરતી વખતે જણાવાયું છે કે,

**स्वर्णं स्निग्ध-कषाय-तिक्त-मधुरदोषत्रयध्वंसनम् ।**

**शीतं स्वादु रसायनं च रुचिकृत् क्षुष्यम् आयुष्प्रदम् ।।** (आ.प्र.)

આવી મૂલ્યવાન સુવર્ણભસ્મના અદ્ભુત ગુણો ત્યારે જ પ્રાપ્ત થાય છે. જ્યારે તે સંપૂર્ણ શાસ્ત્રીય પદ્ધતિ વડે બનાવાયેલી હોય.

ધાતુ, ઉપધાતુઓમાંથી ભસ્મ તૈયાર કરવાની મુખ્ય પાંચ પદ્ધતિઓ છેઃ

(૧) પારદ, ગંધક અને હિંગળોકના યોગથી,

(૨) વનસ્પતિઓના રસની ભાવના આપીને,

(૩) સોમલ, હરતાલ, મનઃશિલ વગેરે ઉગ્ર દ્રવ્યોના યોગથી,

(૪) ગંધક, સાજીખાર, સુરોખાર અને બીજા વનસ્પતિના ક્ષારના યોગથી,

(૫) ધાતુઓનું બીજી વિરોધી ધાતુઓના વડે મારણ કરવાથી.

આમાંના પહેલા બે પ્રકારો શ્રેષ્ઠ અને નિર્દોષ છે. ત્રીજા પ્રકારથી ભસ્મ ઉગ્ર બને છે. ચોથી અને પાંચમી રીતથી બનાવેલી ભસ્મ ઓછા ગુણવાળી બને છે.

ઉપરોક્ત પ્રથમ અને દ્વિતીય પદ્ધતિના ઉપયોગ વડે પૂ. ગુરુવર્યશ્રીએ સુવર્ણભસ્મનું નિર્માણ કર્યુ હોવાથી, તેમાંથી બનતું સુવર્ણ પ્રાશન એક અદ્ભુત ઔષધની ગરજ સારે છે.

આયુર્વેદના ગ્રંથોમાં ભસ્મની પરિક્ષા માટે 'શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ, ધૂમ, ચંદ્રિકા, પુનર્ભવ, લઘુત્વ, સ્થિરત્વ, સૂક્ષ્મત્વ અને વિદ્વતા' એ બારે પ્રકાર કહેવાયા છે. તેમાં 'વારિતર' પાણી પર તરી શકે તેવી ભસ્મને વધારે ગુણકારી માનવામાં આવી છે. કારણ કે પાણી પર તરી શકે તેવી ભસ્મો રસરક્તાદિ ધાતુઓમાં જલદી મળી જઈ પોતાના દિવ્ય પ્રભાવ બતાવે છે. વારિતર ન હોય એવી ભસ્મોમાં તેટલો ગુણ દેખાતો નથી. આજકાલ મોટાભાગના સુવર્ણપ્રાશન

ઔષધોમાં વપરાતી સુવર્ણભસ્મ શાસ્ત્રીય પદ્ધતિથી બનેલી ન હોવાથી તેમાંથી ઉપરોક્ત ગુણો મળવા મુશ્કેલ જ નહીં, પરંતુ અસંભવ છે.

સુવર્ણ પ્રાશનમાં વપરાતી અન્ય ઔષધિઓઃ

**(૧) વચા (વજ):**

**'वचा वक्ति अनया ईति वचा। वाक्पाटवकृत् ।'** જેનાથી વાચા (વાણીશક્તિ) સારી થાય છે, ખીલે છે, તેમ જ સુવર્ણને પચાવવા માટે વચા શ્રેષ્ઠ ઔષધ છે. સુશ્રુત મુનિએ ગ્રહરોગોની ચિકિત્સામાં વચાનો ઉપયોગ કરેલો છે. તેથી 'गृहागृहः' એવું સુવર્ણ પ્રાશનના લાભોમાં વચાનો આ લાભ સમાવિષ્ટ કરવામાં આવ્યો છે. બાળકોના ઘણાં રોગોમાં વચાનો ઉપયોગ કરવામાં આવે છે. સુવર્ણ પ્રાશનમાં વચાનો ઉપયોગ થયેલો છે.

**(૨) પીપર (પિપ્પલી):**

પિપ્પલી વાયુ અને કફના રોગોનું શમન કરે છે. બાળકોને પ્રાયઃ કફના રોગો થતાં હોવાથી પીપર ખૂબ જ લાભદાયી છે. પીપર દીપનીય એટલે કે ભૂખ લગાડનારી હોવાથી, બાળકોની જઠરાગ્નિને પ્રદિપ્ત કરે છે. તેથી સુવર્ણ પ્રાશનનો 'अग्निवर्धन'નો ગુણ પીપરને આભારી છે. ઉત્તમ પ્રકારની પીપરનો ઉપયોગ સુવર્ણ પ્રાશન નિર્માણમાં થાય છે.

**(૩) જટામાંસીઃ**

ભાવપ્રકાશ નામના ગ્રંથમાં જટામાંસીના ગુણો આ મુજબ વર્ણવાયેલ છેઃ

**मांसी तिक्ता कषाया च मेध्या कान्तिबलप्रदा ।**

**स्वाद्रवी हिमा त्रिदोषस्रदाहविसर्पकुष्ठनुत् ।।**

જટામાંસી કડવી, તૂરી, મેધ્ય, અને કાંતિ તથા બળ વધારનારી, સ્વાદુ-ઠંડી, ત્રિદોષ, દાહ, વિસર્પ અને કુષ્ઠને મટાડનાર છે.

આ ઉપરાંત જટામાંસી કફ અને કંઠના રોગોને હટાવનાર, રક્તપિત્ત, વ્રણ, નાડીવ્રણ, વગેરેને મટાડનાર, શરીરનો રંગ સારો કરનાર (વર્ણ્ય) બાળકોને લાગતા ગ્રહોની શાંતિ કરનાર, વિષને દૂર કરનાર છે. આયુષ્યની વૃદ્ધિ કરનાર છે. સુવર્ણપ્રાશનના પૂર્વ કહેલા ગુણો 'वर्ण्यं, वृष्यं, आयुष्यं' વગેરે આ અદ્‌ભુત ઔષધિને આભારી છે.

**(૪) શંખપુષ્પીઃ**

**'मेधावद्येदनार्थम् - मेध्या विशेषेण च शंखपुष्पी ।'**

ચરકસંહિતામાં શંખપુષ્પીને મેધા વધારનાર, સ્વર સુધારનાર, વૃષ્ય, માનસ રોગોને દૂર કરનારી, રસાયન ગુણવાળી, સ્મૃતિ, કાન્તિ, બલ અને અગ્નિને વધારનાર, ગ્રહાદિ દોષોને દૂર કરનારી કહી છે. આ એક જ ઔષધિના અનેક ગુણો છે. અનેક ઔષધોમાં તેની યોજના કરવામાં આવે છે. સુવર્ણ પ્રાશનના લગભગ બધા જ ગુણો શંખપુષ્પીને લીધે વધી જાય છે.

**(૫) બ્રાહ્મીઃ**

**'सर्पाक्षी कटुका तिक्ता सोष्णा कृमिनिकृन्तनी ।'**

બ્રાહ્મી યાદશક્તિને વધારનાર, તેમ જ મેધાને પણ વધારનાર છે, તેથી તે બાળકની ચંચળવૃત્તિ દૂર કરીને તેને સ્થિર તથા એકાગ્ર બનાવવામાં સહાયભૂત બને છે. તેમજ કૃમિનાશ કરવાનો તેનો વિશેષ ગુણ હોવાથી બાળકોના કૃમિજન્ય રોગોમાં ખૂબ જ સારું પરિણામ આપે છે. મંત્રૌષધિ સુવર્ણ પ્રાશનમાં તેનો વિશિષ્ટ ઉપયોગ કરવામાં આવ્યો છે.

**(૬) બ્રાહ્મી ધૃતઃ**

'અષ્ટાંગ હૃદયમ્'ના પાઠ પ્રમાણે તાજી બ્રાહ્મીનો સ્વરસ, દેશી ગાયનું ઘી, સૂંઠ, મરી, પીપર, શંખાવલી, વિડંગ, ગરમાળાનો ગોળ ઈત્યાદિ બહુમૂલ્ય ઔષધિઓથી, આયુર્વેદીય પદ્ધતિ પ્રમાણે સિદ્ધ કરેલું ધૃત (ઘી), મગજની નબળાઈ, ઉન્માદ આદિ માનસિક બીમારીઓને ઠીક કરે છે. વાણી, સ્મૃતિ, સ્વરને વધારે છે, રક્ત શુદ્ધ કરે છે, આવું અમૃતતૂલ્ય 'બ્રાહ્મીધૃત' પણ સુવર્ણ પ્રાશન બનાવવામાં વપરાય છે.

**(૭) મધઃ**

સુવર્ણ પ્રાશનમાં સૌથી અગત્યનું ઘટક મધુ-મધ છે. મધ યોગવાહી ગુણ ધરાવતું હોવાથી જે ઔષધિની સાથે તે ભળે છે. તે ઔષધિની ગુણવત્તા ઘણી જ વધારી દે છે. આયુર્વેદમાં મધની આઠ જાતોનું વર્ણન કરવામાં આવ્યું છે.

**पौत्तिकं भ्रामरं क्षौद्रं, माक्षिकं छात्रमेव घ ।**

**आर्ध्यमौदालकं दालमित्यष्टौ मधुजातयः ।।**

પૌત્તિક, ભ્રામર, ક્ષૌદ્ર, માક્ષિક, છાત્ર, આર્ધ્ય, ઔદાલક અને દાલ એમ આઠ જાતના મધ થાય છે. આ આઠેય જાતના મધમાંથી ક્ષૌદ્ર એટલે નાની મધમાખીઓએ બનાવેલું મધ શ્રેષ્ઠ ગણાય છે.

મધના ગુણોઃ

**मधु तु मधुरं कषायानुरसं रूक्षं शीतम्-अग्निदीपनं वर्ण्यं बल्यं लघु सुकुमारं लेखनं हृधं संधानं शोधनं रोपणं वाजीकरणं संग्राहि चक्षुः प्रसादनं सूक्ष्ममार्गानुसारि पित्तश्लेष्ममेदो - मेहहिक्काश्वासकासातिसारचछर्दितृष्णाकृमि - विषप्रशमनं ह्यलादि त्रिदोषप्रशमनं च । तत्तु लघुत्त्वात्कफघ्नं पैच्छिल्यान्माधुयात्कषाय - भावाच्च वातपित्तघ्नम् ।। सुश्रुत संहिता-१२०**

મધ, મધુરસ અને કષાય અનુરસવાળું છે. તે રૂક્ષ, શીત, અગ્નિપ્રદીપક, શરીરનો વર્ણ સુધારનાર બળની વૃદ્ધિ કરનાર, પચવામાં હલકું, શરીરને સુકુમાર બનાવનાર, લેખન કરનાર, હૃદયને માટે હિતકારક, વાજીકરણ, તૂટેલા હાડકાનું સંધાન કરનાર, દોષોનું સંશોધન કરનાર, વ્રણનું રોપણ કરનાર, સંગ્રાહી, આંખોને માટે હિતકારક, શરીરના સૂક્ષ્મ સ્રોતસોમાં પ્રવેશ કરનાર, પિત્ત, કફ, મેદોવૃદ્ધિ, પ્રમેહ, હિક્કા, શ્વાસ, કાસ, અતિસાર, વમન, તૃષ્ણા, કૃમિ અને વિષનું શમન કરનાર છે. મધ ત્રણેય દોષોનું શમન કરે છે, કારણ કે, લઘુ હોવાથી કફનો નાશ કરે છે. તથા પિચ્છિલ, મધુર અને કષાય અનુરસવાળું હોવાથી વાયુ અને પિત્તનો નાશ કરે છે.

આવી બહુમૂલ્ય ઔષધિઓથી બનતું તેમ જ બનાવતી વખતે તથા પીવડાવતી વખતે મંત્રોચ્ચાર તથા નિઃસ્વાર્થ ભાવનાના સુભગ સમન્વયથી સકારાત્મક ઊર્જાના સૃજન થકી પવિત્ર થયેલા વાતાવરણના કારણે પણ 'મંત્રૌષધિ સુવર્ણ પ્રાશન' પ્રભાવક સિદ્ધ થયું છે.

આવું અદ્‌ભુત સુવર્ણ પ્રાશન દરેક ગામોમાં, શહેરોમાં આદિવાસી, વનવાસી વિસ્તારોમાં, સેવાભાવી સંસ્થાઓમાં, સોસાયટી-કોલોનીમાં, અત્ર-તત્ર-સર્વત્ર સુલભતાથી નિઃશુલ્ક પ્રાપ્ત થાય. એ વાત સોનેરી સપના જેવી જ લાગે. કારણ



કે આજના આ કરાળ કાળમાં જ્યાં પથ્થરની કણીનું-ધુળનું પણ મૂલ્ય ચૂકવવું પડે છે. તેવા આ કાળમાં સુવર્ણ ભસ્મવાળું આવું બહુમૂલ્ય કહી શકાય તેવું સુવર્ણ પ્રાશન નિઃશુલ્ક પ્રાપ્ત થાય, એ વાત સરળતાથી ગળે ન ઉતરે પણ આ સર્વથા સત્ય છે.

## મંત્રૌષધિ સુવર્ણ પ્રાશન સંસ્કારનું સામાજીકરણઃ

આમ તો સુવર્ણ પ્રાશન સંસ્કાર અંશાત્મક રીતે કોઈક કોઈક વૈદ્યો દ્વારા કેવળ સામાન્ય ઔષધોથી કરવામાં આવતો હતો. પરંતુ તેમાં નિયમિતતા, દૃઢતા અને શાસ્ત્રીયતાનો અભાવ હતો, કેટલીક જગ્યાએ પૂર્ણ ધંધાકીય રીતે જ, કેવળ પૈસા કમાવવાના જ ઉદ્દેશથી આ સંસ્કાર (જેને સંસ્કાર કહેવો એ પણ સંસ્કાર શબ્દનું અવમૂલ્યન કરવા જેવું છે) કરાવવામાં આવતો હતો, પરંતુ આ કારણે સમાજના શ્રીમંત કે ઉચ્ચ મધ્યવર્ગ પૂરતો જ આ સંસ્કાર મર્યાદિત બની ગયો હતો. ગરીબ અને મધ્યમવર્ગના બાળકોને માટે તો તે દેવ સમાન દુર્લભ જ હતો.

સમાજમાં સારા વૈદ્યો પણ હોય જ છે. તેઓના પ્રયાસ પણ સંસ્કારનો પ્રચાર પ્રસાર થાય તેવો હતો જ, પરંતુ સુવર્ણ પ્રાશન જેવી અમૂલ્ય ઔષધિ એક ડૉક્ટર યા વૈદ્ય વ્યક્તિગતરૂપે કેટલા લોકોને, કેટલો સમય, નિઃશુલ્ક આપી શકે? તેથી ઘણા સજ્જન વૈદ્યોના પ્રયાસો થતાં ગયા અને વિરમતા ગયા. તેથી સુવર્ણ પ્રાશન સંસ્કાર લોકભોગ્ય ન બની શક્યો.

સુવર્ણ પ્રાશન જેવી ઔષધિના અદ્‌ભુત પરિણામો જોતા, તે પ્રત્યેક બાળકને સરળતાથી પ્રાપ્ત થાય, તો જ ભારતના ભાવિ નાગરિકો એવા કુમળા ફૂલ જેવા બાળકોને આરોગ્ય લાભ મળે. એ વિચારથી પ.પૂ. ગુરુવર્યએ ઈ.સ. ૧૯૭૦માં આ સુવર્ણ પ્રાશન સંસ્કારનો આરંભ કર્યો. અને અનેક બાળકોમાં સંક્રામક રોગો, જંતુજન્ય રોગોમાં અદ્‌ભુત પરિણામની પ્રાપ્તિ થઈ.

આ જોઈને પ.પૂ. ગુરુવર્યએ સંકલ્પ કર્યો કે, આવનારી પેઢીને અનેક પ્રકારના જીવલેણ રોગોથી બચાવવા માટે મંત્રોષધિ સુવર્ણ પ્રાશનનું સામાજીકરણ કરવું જ. કોઈપણ ભોગે, કોઈપણ ખર્ચે, કોઈપણ પરિસ્થિતિમાં આ કામ થવું જ જોઈએ, જેથી ભારતની આવનારી પેઢી અપંગતા, અંધત્વ, નિર્બલતા જેવી

શારીરિક સમસ્યાઓથી બચી શકે. તેમ જ તેનામાં પ્રાણશક્તિ, મનઃશક્તિ, બુદ્ધિ શક્તિનો વિકાસ થાય, અને તેનાથી તે પૂર્ણતા પ્રતિ પ્રયાણ કરી શકે.

આવા દૃઢ અને ભીષ્મ સંકલ્પના બળે શરૂ થઈ આ સદીની સૌથી મોટી બાલ સ્વાસ્થ્યની ચળવળ (movement). **'મંત્રૌષધિ સુવર્ણ પ્રાશન'**ના નિઃશુલ્ક કેન્દ્રોનો આરંભ. **પ.પૂ. ગુરુવર્યએ પોતાની પાસે રહેલા સમગ્ર સુવર્ણની શાસ્ત્રીય પદ્ધતિથી ભસ્મ બનાવી. તેમા બીજી અનેક પ્રકારની ઔષધિઓના મિશ્રણ વડે મંત્રૌષધિ સુવર્ણ પ્રાશનનું નિર્માણ કરીને નિઃશુલ્ક આપવાનું શરૂ કર્યું.**

સમાજમા તે સમયે એવી એક ભ્રાંતિ પ્રવર્તતિ હતી કે સુવર્ણ પ્રાશન માત્ર આયુર્વેદીય વૈદ્યો જ આપી શકે. પ.પૂ. ગુરુવર્યએ મજબૂત તર્ક તેમ જ ખૂબ જ પુરુષાર્થથી આ ભ્રાંતિને તોડી અને અનેક સામાજિક સંસ્થાઓમાં તેમજ અનેક કાર્યકર્તાઓના દ્વારા આ સુવર્ણ પ્રાશનને જનસુલભ બનાવ્યું.

આમ તો અનેક સામાજિક સંસ્થાઓ, તેમ જ સમાજના સેવાભાવી લોકો આ સંસ્કારનો આરંભ કરવા માંગતા હતા. પરંતુ તેઓને શાસ્ત્રીય રીતે તૈયાર થયેલું, સુવર્ણ પ્રાશન દુર્લભ જ હતું. પરંતુ પ.પૂ. ગુરુજીના તપના કારણે સદીઓ પછી આ સંસ્કાર સમાજમાં પુનઃપ્રતિષ્ઠિત તથા પ્રચલિત થયો.

આ મંત્રૌષધિ સુવર્ણ પ્રાશનની સહજસુલભતાને કારણે સદીઓ પછી એવા દૃશ્ય સર્જાયા કે, કોઈ શાકભાજીની દુકાને, દરજીની દુકાને, ઈલેક્ટ્રીક કટલેરી સ્ટોરમાં, મઠ-મંદિર-આશ્રમ-ગુરુકુલ-ગૌશાળા જેવા સ્થળોમાં સમાજની વાડી જેવા જાહેર સ્થળોમાં આદિવાસી વિસ્તારોમાં કોઈ ઝૂંપડીમાં, તો કોઈ જગ્યાએ બગીચામાં કે ઝાડના ઓટલા નીચે, ગામના ચોરે કે શહેરની શાળાઓમાં ગૃહિણીઓના ઘરે કે વ્યવસાયિકોના કાર્યાલયોમાં પ્રત્યેક પુષ્ય નક્ષત્રના દિવસે મંત્રૌષધિ સુવર્ણ પ્રાશનના નિઃશુલ્ક કેન્દ્રો ધમધમાટ શરૂ થયા.

સેવાભાવી કાર્યકર્તાઓના કામ કરવાના તરવરાટ અને થનગનાટના પરિણામે પ્રચાર-પ્રસાર વધતા સુવર્ણ પ્રાશનના કેન્દ્રોની સંખ્યા કુદકે ને ભૂસકે વધવા લાગી. કેવળ કેન્દ્રોની સંખ્યા જ નહીં, પરંતુ તેમાં આવનારા બાળકોની સંખ્યા પણ વધવા લાગી.

જેમણે જેમણે પણ પોતાના બાળકોને મંત્રૌષધિ સુવર્ણ પ્રાશનના ડ્રોપ્સ



પીવડાવ્યા, તેમને ૩ કે ૪ મહિનામાં જ આશાતીત લાભ થયો. કેટલાક બાળકોને કફના રોગોમાં, કેટલાકને પેટના રોગોમાં, તો કેટલાક લોકોને ચામડીના રોગોમાં એલર્જી અને મનોરોગોમાં પણ લાભ દેખાયા. કેટલાક બાળકો જે અતિ ચંચળ હતા, તેઓની ચંચળતા ઓછી થઈ અને તેઓ શાંત બન્યા તો આળસુ અને સુસ્ત બાળકો ચપળ અને ઉત્સાહી બન્યા. કેટલાક બાળકો અગ્નિ પ્રદીપ્ત થઈ, ભુખ વધી, પાચનશક્તિ સારી થઈ, અને શરીર સપ્રમાણ થયું. કેવળ એક જ ક્ષેત્ર (પ્રદેશ)માં નહીં, પરંતુ ભારતના વિભિન્ન પ્રાંતોમાં કાશ્મીરથી કન્યાકુમારી અને દ્વારિકાથી પૂરી સુધી સર્વ સ્થાને સમાનરૂપે આવા ઉજ્જવલ પરિણામો દૃષ્ટિગોચર થયા.

ખાસ કરીને જ્યાં જ્યાં કાર્યકર્તાઓ સંનિષ્ઠતાથી પ્રયત્ન કર્યો હોય તેવા સ્થળોમાં અનેક બાળકો ઉપર આવા વિધાયક ચમત્કારતૂલ્ય પરિણામોની પ્રાપ્તિ થઈ. આવા અગ્રગણ્ય કેન્દ્રોમાં, બિકાનેર (રાજસ્થાન), મોરબી, રાજકોટ, નડિયાદ, અમદાવાદ, સુરત, જામનગર (ગુજરાત), દિલ્હી, આગ્રા, કુરનુલ (આંધ્ર પ્રદેશ), પુણે, સાતારા, મુંબઈ, નાશિક, કોલ્હાપુર, સાંગલી (મહારાષ્ટ્ર), ઈન્દોર, સાગર, ભોપાલ (મધ્ય પ્રદેશ), જાલંધર (પંજાબ), જીંદ (હરિયાણા), જેવા અનેક કેન્દ્રો ભારતના ૧૮ પ્રદેશોમાં તથા ૪ વિભિન્ન દેશોના ચાલતા કેન્દ્રોનો સમાવેશ થાય છે.

### જૈન વર્ગ માટે સ્પેશ્યલ સુવર્ણ પ્રાશનમ્

કેટલાક લોકો, ખાસ કરીને જૈન લોકો, પોતાની ધાર્મિક માન્યતા પ્રમાણે, મધનો ઉપયોગ કરતા નથી. તેઓને માટે ખાસ આ સંસ્થાએ મધના સ્થાને બ્રાહ્મી ઘૃતને મુખ્ય દ્રવ્ય ઘટક તરીકે વાપરીને **ભારતમાં સર્વપ્રથમવાર મધુરહિત (Without Honey) સુવર્ણ પ્રાશનનું નિર્માણ કરેલું છે.** અનેક જૈન સંસ્થાઓ, શ્રાવક પરિવાર, બાળકોને આવા અમૂલ્ય સુવર્ણ પ્રાશનનું પાન કરાવી રહ્યા છે કે જેમાં બ્રાહ્મી ઘૃત પીપર, જટામાસી, શંખપુષ્પી, વચા, સુવર્ણભસ્મ ઈત્યાદિ બહુમૂલ્ય ઔષધિઓ છે, તેમ જ મંત્રવિધાન તો ખરું જ, **હજારો જૈન બાળકોએ આ મંત્રૌષધિ સુવર્ણ પ્રાશનનો લાભ લીધેલો છે.**

**શાળાઓ તથા સેવાભાવી સંસ્થાઓને માટે ખાસ સુવર્ણ પ્રાશનઃ-**

શાળાઓમાં ભણતા બાળકોને આ સંસ્કાર પુષ્ય નક્ષત્રના દિવસે સરળતાથી કરાવી શકાય, તે માટે આ સંસ્થાએ રાહત દરે (ટોકન દરે) આ મંત્રૌષધિ સુવર્ણ પ્રાશન શાળાઓ તેમ જ અન્ય શૈક્ષણિક સંસ્થાઓમાં આપવાનું શરૂ કર્યું છે. જેનાથી હજારો બાળકોએ પોતાની શાળામાં જ આ સંસ્કારનો લાભ લીધેલ છે, તેમ જ શાળાના સંચાલકો-શિક્ષકોએ આવા અદ્‌ભુત સંસ્કારના વાહક થઈને, આ સંસ્કારને પુનર્જીવિત કરવા માટે સંસ્થાને સહયોગ આપીને ઉત્તમ પુણ્યનું ઉપાર્જન કરેલ છે.

**આધુનિક પરિક્ષણ વડે પણ સિદ્ધ થઈ સુવર્ણ પ્રાશનની ગુણવત્તાઃ-**

સુવર્ણ પ્રાશનની ગુણવત્તા તો હજારો વરસોથી શાસ્ત્ર ગ્રંથોમાં આયુર્વેદના અનેક ગ્રંથોમાં અંકિત છે, સિદ્ધ પણ છે જ, પણ આધુનિક લોકો શ્રદ્ધા કરતા તર્કને વધુ પ્રાધાન્ય આપતા હોવાથી સુવર્ણ પ્રાશનનું અત્યાધુનિક, સરકાર માન્ય લેબ પરિક્ષણ કરાવવામાં આવ્યું. જેમાં પણ મંત્રૌષધિ સુવર્ણ પ્રાશનની ગુણવત્તા ૧૦૦ ટકા પૂરવાર થઈ. તેમ જ આધુનિક દૃષ્ટિએ પણ માઈક્રો બોઈલોજીકલ ટેસ્ટમાં પણ કોઈ પણ પ્રકારના બેક્ટેરિયા વાઈરસ જોવા ન મળ્યો અને શરીરને હાનિ પહોંચાડનારું એક પણ તત્ત્વ જોવા ન મળ્યું, પરંતુ લાભકારક તત્ત્વો જ જોવા મળ્યાં. જેના પ્રમાણે મંત્રૌષધિ સુવર્ણ પ્રાશન GMP Certified કંપનીના દ્વારા તેને પ્રચારિત કરવામાં આવ્યું.

**ગર્ભાવસ્થામાં ઉત્તમ સુવર્ણ પ્રાશનમ્ઃ-**

‘સુવર્ણ પ્રાશનમ્’ માત્ર બાળ વિકાસમાં જ નહીં પરંતુ ગર્ભવિકાસમાં પણ મહત્ત્વનો ભાગ ભજવે છે. તેથી ગર્ભવતી મહિલાઓએ નવ મહિના સેવન કરવાથી ઉત્તમ લાભ પ્રાપ્ત થાય છે.

**બાળવિકાસની અન્ય ઔષધિઓઃ-**

સુવર્ણ પ્રાશનની સાથે બાળકોના શરીરને શુદ્ધ કરતી તેમજ અમૃત તુલ્ય રસાયણના ગુણો આપતી ઔષધિ એટલે **अमृतप्राशनम्. अमृतप्राशनम्** તેમજ બાળરક્ષામૃત-બાળરક્ષાગુટિકા સંસ્થા દ્વારા અનુભૂત ઔષધો છે. જેનાથી બાળકોના સ્વાસ્થ્યનું સંપૂર્ણ રક્ષણ થાય છે.



પ્રકરણ-૩

## સુવર્ણ પ્રાશન વિષયક પ્રશ્નોત્તરી

સુવર્ણ પ્રાશન સંસ્કારનું અભિયાન સંસ્થાના દ્વારા છેલ્લા ૫૦ વરસોથી અવિરતપણે ઉત્તરોત્તર પ્રગતિ કરતું આગળ ધપી રહ્યું છે. છેલ્લા પાંચેક વર્ષથી તો મંત્રૌષધિ સુવર્ણ પ્રાશનના નિઃશુલ્ક કેન્દ્રોમાં અકલ્પનીય વધારો જોવા મળ્યો છે. કેન્દ્રો વધવાની સાથે સાથે લાભ લેનારા બાળકોના સ્વાસ્થ્યમાં પણ અકલ્પનીય સુધારો જોવા મળતા લોકોનો આયુર્વેદ પરનો તથા ભારતીય સંસ્કારો પરનો વિશ્વાસ પણ વૃદ્ધિ પામતા સંસ્થાનો ‘बहुजन सुखाय, बहुजन हिताय’ ઉદ્દેશ્ય પણ સિદ્ધ થઈ રહ્યો છે.

સુવર્ણ પ્રાશન સંસ્કાર કેન્દ્રના સંચાલકો કે જેઓ નિઃસ્વાર્થ ભાવે પ્રતિમાસ, પુષ્ય નક્ષત્રમાં પોતાનો અમૂલ્ય સમય અને શક્તિ અર્પીને આ સદીનું આ ભગીરથ કાર્ય કરી રહ્યા છે, તેઓની સામે સમાજમાં અનેક લોકોના દ્વારા ઘણા પ્રશ્નો, શંકાઓ વગેરે આવ્યા. તે સૌને મૌખિક ઉત્તર આપીને સમાધાન કરવામાં આવ્યું. તે જ પ્રશ્નોત્તરીનું સંક્ષિપ્ત કરવામાં આવ્યું. તે જ પ્રશ્નોત્તરીનું સંક્ષિપ્ત સ્વરૂપ અહીં પ્રસ્તુત કરીએ છીએ.

***પ્રશ્ન-૧: શું બાળકને જન્મના પહેલાં દિવસથી સુવર્ણ પ્રાશન આપી શકાય?***

*ઉત્તરઃ* અવશ્ય આપી શકાય, પરંતુ એ સાવધાની રાખવી આવશ્યક છે કે, આજકાલ બાળકોનો જન્મ પ્રાયઃ હોસ્પિટલ નર્સિંગ હોમ વગેરેમાં થતો હોઈ જે તે સમયે ડૉક્ટરોના દ્વારા એન્ટિબાયોટિક્સ આપવામાં આવે છે, અમુક રસી પણ અપાય છે, તેની પ્રતિક્રિયા (side effects) રૂપે બાળકને નાના-મોટાં રોગો થવાની સંભાવના રહે છે. આવું કંઈ થાય તો તે આડઅસર સુવર્ણ પ્રાશનની નહીં, પરંતુ અન્ય ઔષધિ-દવા-રસી વગેરેની છે, એ સમજ જે સુજ્ઞ જનોને હોય, તે નિઃસંકોચ જન્મના પ્રથમ દિવસથી સુવર્ણપ્રાશન માત્રાનુસાર આપી શકે છે, પરંતુ સામાન્ય જનતાને માટે બાળકને ૨થી ૩ મહિના પછી સુવર્ણ પ્રાશન આપવાનું સૂચન કરવામાં આવે છે.

***પ્રશ્ન-૨: બાળકને કેવડી ઉંમર સુધી મંત્રૌષધિ સુવર્ણ પ્રાશન કરાવી શકાય?***

*ઉત્તર:* બાળકને કુમાર અવસ્થા સુધી (૧૪-૧૫ વર્ષ સુધી) મંત્રૌષધિ સુવર્ણ પ્રાશન નિર્ભયતાપૂર્વક આપી શકાય. ત્યારબાદ પણ આપવામાં આવે તો કોઈ હાનિ નથી, કારણ કે તેમાં યોજાવામાં આવતા મોટાભાગના ઔષધ દ્રવ્યો રસાયન ગુણવાળા છે, ૧૫ વર્ષથી મોટી ઉંમરના બાળકોને માટે 'સ્મૃતિવર્ધક તૈલમ્', 'ઋષિમુનિ મેધ્ય રસાયનમ્' વગેરે ઔષધિઓ વધુ લાભકારક હોવાથી તે આપવી વધુ ઉચિત છે.

***પ્રશ્ન-૩: શું કેવળ પુષ્ય નક્ષત્રના દિવસે જ સુવર્ણ પ્રાશન કરાવવું જોઈએ કે દરરોજ કરાવી શકાય?***

*ઉત્તર:* પુષ્ય નક્ષત્ર ખૂબ જ શુભ નક્ષત્ર હોવાથી તે દિવસે સુવર્ણ પ્રાશન કરાવવું આવશ્યક છે, પરંતુ પર્યાપ્ત નથી. સુવર્ણ પ્રાશનના સઘળા લાભો પ્રાપ્ત કરવાને માટે તેનું સેવન પ્રતિદિન અને નિયમિત બાળકને કરાવવું જ જોઈએ. સંસ્કૃતિ આર્ય ગુરુકલમ્ના દ્વારા પુષ્ય નક્ષત્રના દિવસે અનેક કેન્દ્રો ઉપર કેમ્પ કરીને લાખો બાળકોને નિઃશુલ્ક સુવર્ણ પ્રાશન પીવડાવવામાં આવે છે. અને દરરોજ પીવડાવવામાં આવતા સુવર્ણ પ્રાશનનું રાહત દરે વિતરણ પણ પ્રાયઃ બધા કેન્દ્રો પરથી થાય છે.

***પ્રશ્ન-૪: પુષ્ય નક્ષત્રના દિવસે અપાતાં અને દરરોજ અપાતા સુવર્ણ પ્રાશનમાં શું ફરક હોય છે?***

*ઉત્તર:* પુષ્ય નક્ષત્રની અસર કેટલીક ઔષધિઓ ઉપર વિશેષ થાય છે, તેમ સુવર્ણ પ્રાશન ઉપર પુષ્ય નક્ષત્રના દિવસનો વિશેષ પ્રભાવ હોય છે. માટે જ પુષ્ય નક્ષત્રના દિવસે અપાતા સુવર્ણ પ્રાશનમાં સુવર્ણની માત્રા અધિક હોય છે, તેમ જ દરરોજ અપાતા સુવર્ણ પ્રાશનમાં તેની માત્રા કિંચિત્ અલ્પ પ્રમાણમાં (સુવર્ણ પ્રાશનના પુષ્ય નક્ષત્રના દિવસે અપાતા ડોઝ કરતા) હોય છે, જેથી તે સુવર્ણ પ્રાશન દરરોજ આપી શકાય છે.

***પ્રશ્ન-૫: સુવર્ણ પ્રાશન સવારે ખાલી પેટે કરાવવું જોઈએ કે કોઈ પણ સમયે કરાવી શકાય?***

*ઉત્તર:* સુવર્ણ પ્રાશન કરાવવાનો સમય સવારે ખાલી પેટે ઉત્તમ ગણાય. બાળકને સ્નાન કરાવીને મંત્રોચ્ચારપૂર્વક સુવર્ણ પ્રાશન કરાવવું. કંઈ પણ ખાધું પીધું હોય તો ૧૫-૨૦ મિનીટ બાદ સુવર્ણ પ્રાશન કરાવી શકાય. સુવર્ણ પ્રાશન સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી ગમે ત્યારે કરાવી શકાય, પરંતુ પ્રાતઃકાલ શ્રેષ્ઠ ગણાય.

***પ્રશ્ન-૬: કોઈપણ રોગ (વ્યાધિ) વગરના તંદુરસ્ત બાળકને સુવર્ણ પ્રાશન કરાવવું જરૂરી છે કે?***

*ઉત્તર:* સુવર્ણ પ્રાશન રસાયણના ગુણવાળું હોવાથી, તેમ જ બુદ્ધિ, મેધા, પ્રજ્ઞા વધારનારું હોવાથી, રોગ પ્રતિરોધક શક્તિને વધારતું હોવાથી, સ્વસ્થ બાળકને ઉત્તમ સ્વાસ્થ્ય લાભ આપે છે, તેથી સ્વસ્થ બાળકને પણ સુવર્ણ પ્રાશન અનિવાર્યરૂપે આપવું જોઈએ.

***પ્રશ્ન-૭: કોઈ રોગની અવસ્થામાં (તાવ, ઝાડા, ઉલ્ટી, વગેરે સામાન્ય રોગો) સુવર્ણ પ્રાશન આપી શકાય કે નહીં?***

*ઉત્તર:* આમ તો તાવની પ્રારંભિક અવસ્થામાં બીજા કોઈ ઔષધ આપવા આયુર્વેદ અનુસાર નિષેધ હોવાથી 'ज्वरादौ लंघनं प्रोक्तं' સુવર્ણ પ્રાશન એ અવસ્થામાં ન લેવું, હિતાવહ છે. એ સિવાય બીજા નાના મોટા સામાન્ય રોગોમાં સુવર્ણ પ્રાશન નિર્ભયતાથી લઈ શકાય.

***પ્રશ્ન-૮: અન્ય કોઈ ઔષધિ (એલોપથી, હોમિયોપેથી, આયુર્વેદ, વગેરે) ચાલુ હોય ત્યારે સુવર્ણ પ્રાશન આપી શકાય?***

*ઉત્તર:* બીજા કોઈ પણ પથીની (એલોપથી, હોમિયોપેથી, આયુર્વેદ) દવા ચાલુ હોય ત્યારે પણ સુવર્ણ પ્રાશન આપી શકાય. માત્ર ૩૦ મિનીટનું અંતર રાખવું જરૂરી છે. સુવર્ણ પ્રાશન આપ્યા બાદ ૨૦થી ૩૦ મિનીટ પછી કોઈ પણ ઔષધ લઈ શકાય.

***પ્રશ્ન-૯: શું રસીકરણ કરાવ્યું હોય તો સુવર્ણ પ્રાશન આપવું જરૂર છે? આપી શકાય?***

*ઉત્તર:* હા, રસીકરણ કરાવ્યું હોય તો પણ સુવર્ણ પ્રાશન આપવું જરૂરી છે.

પરંતુ જે દિવસે રસી અપાવી હોય તે દિવસે સુવર્ણ પ્રાશન ન આપવું. કારણ કે, રસીની આડઅસરને લીધે બાળક તાવ વગેરે આવે તો તેનું કારણ સુવર્ણ પ્રાશનને ગણવામાં આવે, તેથી સાવધાનીના ભાગરૂપે ન આપવું હિતાવહ છે.

***પ્રશ્ન-૧૦:* મંત્રૌષધિ સુવર્ણપ્રાશનની કોઈ આડઅસર છે કે નહીં?**

*ઉત્તર:* **મંત્રૌષધિ સુવર્ણ પ્રાશન સંપૂર્ણ નિર્દોષ ઔષધિઓથી બનેલું હોવાની તેની કોઈપણ પ્રકારની આડઅસર (side effects) નથી. છેલ્લા ૫૦ વરસથી સુવર્ણ પ્રાશન લાખો બાળકોને સંસ્કૃતિ આર્ય ગુરુકુલમ્‌ના દ્વારા આપવામાં આવ્યું છે, તેના લીધે આડઅસર થયાનો એક પણ કેસ હજુ સુધી જોવા મળ્યો નથી.**

***પ્રશ્ન-૧૧:* શું અતિ ચંચળ (hyper active) બાળકોને પણ સુવર્ણ પ્રાશન આપી શકાય?**

*ઉત્તર:* હા, અવશ્ય આપી શકાય. સુવર્ણ પ્રાશનનો ગુણ એવો છે કે અતિ ચંચળ બાળકોને સ્થિર અને શાંત કરે છે અને આળસુ અને સુસ્ત બાળકોને ચપળ બનાવે છે. સ્થૂળ બાળકોની સ્થૂળતા ધીમે ધીમે ઓછી થતાં શરીર સપ્રમાણ અને સુગઠિત બને છે. તેમ જ કૃશકાય બાળકોનું વજન વધતા શરીર ઘાટીલું બને છે.

***પ્રશ્ન-૧૨:* બજારમાં મળતા અન્ય સુવર્ણ પ્રાશન અને મંત્રૌષધિ સુવર્ણ પ્રાશનમાં શું ફરક છે?**

*ઉત્તર:* બજારમાં મળતા અન્ય સુવર્ણ પ્રાશનમાં મંત્રનું ક્યાંય સ્થાન હોતું નથી. સંસ્કારનું નામોનિશાન પણ હોતું નથી. ઔષધિઓની ગુણવત્તા પર પણ પૂરતું ધ્યાન અપાતું નથી. જ્યારે સંસ્કૃતિ આર્ય ગુરુકુલમ્ દ્વારા નિર્મિત મંત્રૌષધિ સુવર્ણ પ્રાશન મંત્રોચ્ચારપૂર્વક, સંસ્કૃત ભાષાના વિદ્વાન વૈદ્યોના દ્વારા ઉત્તમ ઔષધિઓના સુયોગ્ય સંયોજન વડે ઉત્તમ તિથિ-મુહૂર્તોમાં, ઉત્તમ કાળે, બનાવવામાં આવે છે. તેથી શાસ્ત્રોમાં કહેલા બધાં જ ગુણો આ મંત્રૌષધિ સુવર્ણ પ્રાશનમાં આવવા સંભવિત છે.

***પ્રશ્ન-૧૩:* આટલી ઉત્કૃષ્ટ ગુણવત્તાવાળું હોવા છતાં આટલું સસ્તું (અન્ય સુવર્ણ પ્રાશન કરતા) સંસ્થાને કઈ રીતે પરવડી શકે છે?**



*ઉત્તર:* આ પ્રશ્નનો ઉત્તર છે, અમારા પરમ પૂજનીય ગુરુવર્યશ્રીની નિર્લોભવૃત્તિ તથા નિઃસ્પૃહતા. તેઓએ જીવનભરની કમાણી વડે તૈયાર કરેલી, ખૂબ જ ઊંચી ગુણવત્તાવાળી સુવર્ણ ભસ્મ સંસ્થાના સુવર્ણ પ્રાશન અભિયાનને સમર્પિત કરી. આ સંસ્કારને સમાજમાં પુનર્જીવિત કરવા, ખૂબ જ ઉત્તમ ગુણવત્તાવાળું સુવર્ણ પ્રાશન પ્રત્યેક બાળકને સુગમતાથી પ્રાપ્ત થાય, તે માટે લાખોની લાલચને લાત મારીને કોઈને પણ પેટન્ટ ન વેચતા, ખૂબ જ આર્થિક તંગી વેઠીને પણ નજીવા મૂલ્યે પહોંચાડ્યું. જેથી સમાજના અનેક વર્ગના લોકોને સમાજસેવા કરવાનો સુભગ અવસર સાંપડ્યો.

***પ્રશ્ન-૧૪:* રાષ્ટ્રવ્યાપી સુવર્ણ પ્રાશન અભિયાન શું છે? તેમાં કઈ રીતે સહભાગી થઈ શકાય?**

*ઉત્તર:* પ્રાયઃ સમાજસેવાની પ્રવૃત્તિઓ પ્રસંગોપાત અને આપત્કાલિન સ્થિતિમાં થતી હોય છે. અથવા પ્રસિદ્ધિ કે નામ કમાવવાની ભાવનાથી થતી હોય છે. આવી પ્રવૃત્તિઓને Event કહી શકાય. પરંતુ સુવર્ણ પ્રાશન સંસ્કાર કેન્દ્ર અલ્પકાલિન પ્રસંગોપાત થનારી પ્રવૃત્તિ નહીં, પરંતુ ચિરકાળ સુધી, નિરંતર તથા પૂર્ણ સમર્પણભાવથી ચાલતી રહેલી પરંપરા movement છે. ક્રમશઃ વધતા જતા કેન્દ્રો અને એ કેન્દ્રોના સંચાલકોની વધતી જતી શ્રદ્ધા અને સમર્પિતતા એ સૂચવે છે કે સુવર્ણ પ્રાશન સંસ્કાર કેન્દ્ર એ કેવળ સામાજિક પ્રવૃત્તિ જ નહીં, પરંતુ લોકજાગૃતિનું એક ભગીરથ કાર્ય છે.

આ અભિયાનમાં જોડાવા માટે કોઈ પણ પ્રકારની ઔપચારિક્તાની આવશ્યકતા નથી. પરંતુ સેવા, સમર્પણ અને સદ્‌ભાવની સાથે નિયમિત કેન્દ્ર ચલાવવા માટેના સંકલ્પ બળની આવશ્યકતા છે. એટલા માટે જેઓને અનુકૂળતા હોય તેવો લોકો ચાહે કોઈ પણ ક્ષેત્રથી સંકળાયેલા હોય, તે ગૃહિણી હોય, દુકાનદાર હોય, અધિકારી હોય, અધ્યાપક વિદ્યાર્થી કે ગૌશાલા-સંચાલક હોય, કોઈ પણ વ્યવસાય સાથે જોડાયેલ હોય, કોઈ પણ સ્થળે રહેતા હોય, પોતાની આસપાસના વિસ્તારમાં તે સુવર્ણ પ્રાશન સંસ્કાર કેન્દ્ર શરૂ કરી શકે છે. પુષ્ય નક્ષત્ર પ્રાયઃ ૨૮ દિવસે આવતું હોવાથી જે તે તિથિ-વાર-તારીખે માત્રે બે-ત્રણ કલાકનો સમય કાઢીને આ પ્રવૃત્તિ સાથે સંલગ્ન થઈને સમાજસેવા અને લોકજાગરણની

સાથે સાથે પુણ્યાર્જનનો લાભ પણ પ્રાપ્ત કરી શકે છે.

સુવર્ણ પ્રાશન સંસ્કાર કેન્દ્ર ચલાવવા ઇચ્છતા સમાજકલ્યાણકાંક્ષી બંધુ-ભગિની સંસ્થાના કાર્યાલય પર સંપર્ક કરીને પોતાનું કાયમી સરનામું, કેન્દ્રનું સ્થળ, પોતાના સંપર્ક નંબર તથા રેફરેન્સ માહિતી (જે માધ્યમથી આપને સુવર્ણ પ્રાશન અંગે જાણવા મળ્યું હોય તે માધ્યમ) વગેરે આપીને તે બાદના પુષ્ય નક્ષત્રથી સુવર્ણ પ્રાશન કેન્દ્ર શરૂ કરી શકે છે. બાળકોની સંખ્યાના પ્રમાણ સુવર્ણ પ્રાશનની બોટલ અને પ્રચાર સાહિત્ય આવશ્યકતા અનુસાર આપેલા સરનામા પર પહોંચાડવામાં આવશે.

**'મંત્રૌષધિ સુવર્ણ પ્રાશન'ના વિવિધ રાજ્યોમાં ચાલતા કેન્દ્રોની તથા સંચાલકોની વિશેષ માહિતી મેળવવા માટે સંસ્થાની વેબસાઈટનો અથવા મોબાઈલ નંબર ઉપર સંપર્ક કરવો.**

YouTube: Acharya Mehulbhai
Website: http://sanskrutigurukulam.com
Facebook: sanskrutiaryagurukulam
Mobile: 63524 83012 / 88495 75276 / 92656 14552

***